# તિલક માલા નિર્ણય




ચંદુલાલ હરિવલ્લભદાસ શાહ

ગોકુલ

॥ શ્રી ગોપિજન પતિ શ્રી ગોકુલપતિ શ્રી ॥

॥ જયતિ સ શ્રી વલ્લભ વલ્લભો જયતિ ॥

॥ ગ્રંથ તુલસીમાલા તિલક નિર્ણય ॥

# શ્રી ગોકુલનાથજીનો ચિદ્રુપ અને જહાંગીર સાથે થયેલો વાદ વિવાદ


સંશોધક અને પ્રકાશક

શ્રી ગોકુલ નિવાસી

શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ

ગોકુલેશ ભવન, રતન ચોક,

શ્રીમદ ગોકુલ, ડીસ્ટ્રીકટ મથુરા (યુ. પી.)



સંવત-૨૦૪૮

સંશોધક અને
પ્રકાશક
શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ
ગોકુલેશ ભવન, રતન ચોક,
શ્રીમદગોકુલ, જી. મથુરા, (યુ.પી.)

સંવત ૨૦૪૮
પ્રત : ૧,૦૦૦
ન્યોછાવર
નિશુલ્ક
પ્રેસ : ગોપાલ પ્રિન્ટર્સ, અમદાવાદ-૨૨



# નિવેદન

શ્રીમદ વલ્લભ સત્કુલ નિર્મલ કમલ પ્રકાશ માર્તન્ડ કૃત હરિરાયજી રત્નમાલાવલી-૧૦૮ નામે કરી કરેલ છે તેમાં

શ્લોક-૧૧ ગોકુલાનંદ કર્ત્તા ચ ગોકુલાધિશ ભૂષણમ્
ગો વલ્લભો ગોકુલેશો પ્રિતિકારકઃ

૧૨ આચાર્ય કૃત સિદ્ધાન્ત ગ્રંથ વ્યાખ્યાનકારકઃ
પિતામહ દાસકતઃ પિતૃપાદાંમ્બુજ ભક્તિમાન્

૧૫ પાખંડિ દંડી સં પ્રોક્તા પ્રચંડ અધર્મ ખંડનઃ
સ્વધર્મ સ્થાપકો અખંડ ધરા મંડલ મંડન્

૧૬ યતિ કોપિત પૃથ્વિ શાકારીત સ્તત્સમીપગઃ
ઉલંઘીત તદીયાઇ સત્ય સંઘો વૃજે સ્થિતઃ

શબ્દાર્થ-શ્રી ગોકુલને આનંદ કરનાર, શ્રી ગોકુલનું ભૂષણ, ગો. વલ્લભ, શ્રી ગોકુલેશ, શ્રી ગોકુલમાં પ્રિતિ કરનાર, શ્રી મહાપ્રભુજીએ રચેલા ગંથોનું સિદ્ધાન્તથી ગૂઢ આશયની ટિકા કરી સ્પષ્ટ કરનાર, શ્રી ગુંસાઈજીના ચરણે આસક્ત, પિતાવચન પાલક, શ્રી કૃષ્ણનું રૂપ ધારણ કરનાર, અધર્મનો નાશ કરનાર, લોકમાં પ્રાગટય કરનાર, પાખંડી દંડધારી સંન્યાસી ચીદ્રુપે ફેલાએલો પ્રચંડ અધર્મ તેનું ખંડન કરનાર, સ્વધર્મનું સ્થાપન કરનાર, સત્ય ટેક પ્રતિજ્ઞા કરી ધર્મનું રક્ષણ કરનાર, માલા તિલક સહીત ગોકુલસ્થનું

રક્ષણ કરનાર, સદાય ગોકુલ બીરાજવાવાલા શ્રી ગોકુલ પતિનો સદાય જય.

શ્લોક ૧-યતિ વશ ધરણિશે ધર્મ લોપ પ્રવૃર્તે હરિ ચરણ
સહાયેય:

કૃત- સ્વધર્મ જુગોપ ધર્મ રક્ષાવતાર સજગતિ
**શ્રી** વલ્લભો **શ્રી** ગોકુલેશઃ
કૃતઃ કૃષ્ણરાય ભટ્ટ

ભાવાર્થ-જ્યારે પૃથ્વિપતિ જહાંગીર સંન્યાસીને વશ થયો. ધર્મનો લોપ થયો ત્યારે ધર્મનું રક્ષણ કરી સુદૃઢ ટેક સહિત નિર્ભય કર્યો, ધર્મનું રક્ષણ કરવા, પ્રાદુભુત શ્રીકૃષ્ણ શ્રી ગોકુલેશજી.



# ભૂમિકા

## ગ્રંથ તિલક માલા નિર્ણય

"તિલક હરિ મંદીર લલાટે સુસોભિતમ્"

તિલક અને તુલસીમાલા, આ બન્ને એ જ વૈષ્ણવોનું ભૂષણ છે. તિલક એ એક ચિન્હ છે. વૈષ્ણવ ઓળખવા માટેની છાપ છે. દૃષ્ટાંત જેમ કોઈ પણ પુસ્તક ઉપરના નામથી ઓળખવામાં આવે છે તેમ આ પુષ્ટિમાર્ગના વૈષ્ણવો ઓળખવાની છાપ છે. તિલક એ જ આપણું ભૂષણ છે. કેટલાક સુધરેલા વૈષ્ણવો, તિલકને દુષણ સમજી શરમાય છે, તે ખરેખર અજ્ઞાન છે. તુલસી માલા એ પતિવૃતા ધર્મનું ચિહ્ન છે. કાલિન્દ્રી સમાન કોઈ તિર્થ નથી, તુલસી સમાન બીજું કોઈ નથી, એ જ ભૂષણ છે. યમરાજના દૂત તુલસી માલાને કંઠમાં દેખીને, દૂરથી પવનની પેઠે ઉડી જાય છે, નાસી જાય છે, તુલસીમાલા શ્રી કંઠમાં ધારણ કરનાર રૂચી સહીત પતિવૃતા અનન્ય ધર્મ ટેક સહીત વાલા, તે શ્રીમદ વલ્લભાચાર્ય શુદ્ધ પુષ્ટિ માર્ગી, તેઓને ભર રૂચી કહેવામાં આવે છે. આ શુદ્ધ પુષ્ટિ માર્ગ, શ્રી આચાર્યજીનો તાપ પરિવસાઈ સ્નેહ માર્ગને કહેવામાં આવે છે, તે ભર રૂચી પતિવૃતા અનન્ય ધર્મે રહેવાવાલાના ગુરૂ શ્રીમદ વલ્લભાચાર્યજી જ છે. ભરૂચ ગામ ઉપરથી ભરરૂચી કહેવાતા નથી. પતિવૃતા ધર્મ અનન્ય વિના, બીજા બધા વ્યભિચારણી મનના

ધર્મ ચર્શણી માફક છે. શ્રી ગોકુલેશજીએ, આ પતિવૃતા તુલસી માલા માટે, પોતે સ્વેચ્છાએ, માલા તિલકનો ઉપદ્રવ ઉઠાવી, ધર્મનું રક્ષણ કર્યું છે, તેનું પ્રમાણ ભાગવતજીમાં છે.

વૃંદા એ પતિવૃતા સ્ત્રી હતી, તે પોતાના પતિના, ચર્ણારવીંદનું ચર્ણામૃત વિના જલ પાન કરતી ન હતી. તેના પતિનું રૂપધારણ કરી, તેના ધર્મની કસોટી કરવા, શ્રી કૃષ્ણ આવ્યા, તે તેઓને પતિ સમજી ચર્ણામૃત લીધું કે તરત જ કપટને સમજી ગઇ, તરત જ શ્રાપ આપે છે, તમારા નિષ્ઠુર કૃત્યના કારણે પત્થર થઇને ભૂતલમાં અવતરો ત્યારે શ્રી કૃષ્ણ કહે છે, તારી બુદ્ધિ જડવત કેમ થઈ, તે પતિવૃતાના બળે ઓળખ્યા નહી માટે તું વૃક્ષ રૂપે ભૂતલમાં અવતરો.

આમ બન્નેને શ્રાપ મલ્યો, તે શ્રી કૃષ્ણ પત્થર રૂપે શાલીગ્રામ થયા, અને વૃંદા એ તુલસી રૂપે થયાં. આમ, બન્ને પૂજાવા લાગ્યા, પરંતુ વૃન્દાની આરત પતિના મીલનનો ગયો નહી, જેથી કરી તેને માહાતમ ભાવથી, ઇશ્વર્યાદી ધર્મે અંગીકાર કર્યો, પરંતુ સંતોષ ન થતાં વિરહ ગ્નિએ તે સુકાવા લાગી. તે ઉપર કલ્યાણ પૂજારી કવી શ્રી ગુંસાઈજીના સેવક હતા તેઓએ નીચે મુજબ વર્ણન ધોળે કરી કરેલ છે, તે સંવત ૧૬૮૦

શિર ઉપર તુલસી માલા, વસીય આવી પ્રીતસુ ॥
એહોનો સ્નેહ જોઈ ને, ધરીય પ્રભુ રસ રીતસુ ॥ ૧



એહ એહનુ સાહસ મોટુ, દીઠુ તે વિનતી કરૂ ॥
સાંભલો ચિત ધરીયને, હું ચરણે તુમારે અનુસરુ ॥ ૨

પ્રથમ એહનુ બીજ લેઈને, ભૂમિમાંહી નાખીયુ ॥
એહ દુઃખ અતિસે સહીને, ઉપર આવી ઓપીયુ ॥ ૩

તે ઉપર ઘામ જલ અને સીત, એણી પેરે સહુ સહ્યું ॥
થઇ પલ્લવ પાંખડીતે, જોઇ મન એહવુ લહ્યું ॥ ૪

જે હજી લગી જોગ્યતા તો, થઇ નહીં પ્રીય સંગની ॥
તેહ તાપે કરી એણે, વિડંબના કરી અંગની ॥ ૫

પણ એહ મનોરથ થકી, એહોને કૃતવાધિ અતિઘણી ॥
ઇશ્વર્યાદી ધર્મે કરી તે શીશ ધરી, થઇ મહીમા તુલસી તણી ॥ ૬

એ જગતમાં પુજાઈ પણ તાપ તો જાયે નાહી ॥
તો વૃથા જીવન છે એહ, જો પ્રભુનો સંગ થયો નહી ॥ ૭

અહીં લગી સર્વે સહ્યુ પણ, પ્રભુએ સુરતી કરી નાહી ॥
પછી તે વિરહ વ્યાપ્યો ઘણો હવે હું શું કરું અહીં ॥ ૮

પછે તે વિરહ વ્યાકુલ થઇ અને તે સુકાઈ ગઈ ॥
કાષ્ટવત થઇને રહી એ આપો પુ ભૂલી ગઇ ॥ ૯

એહ એહના કલેશથી તે પ્રભુએ મન વીચારીઉ ॥
કરૂંણા કરી અને એહનું તે, આગલ કારજ ભારીઉ ॥ ૧૦

જે હજી લગી જોગ્યતા એહને, થઈ નથી શું કીજીએ ॥
વૈષ્ણવ દ્વારા પહેરાવીએ, એહોનું સર્વ માની લીજીએ ॥ ૧૧

પછે તેહ લેઇ અને એહાનું, તન તે સર્વે તાછીયુ ॥
ટુક ટુક કરીયને એહને, જુજુવા કરી નાખીયુ ॥ ૧૨
તેહાનો સંગ્રહ કરી અને, તે ઉપર સસ્ત્ર વેરાવીયુ ॥
એહ એણે સહ્યું ત્યારે, મણિકા નામ ધરાવીયુ ॥ ૧૩
એહથી જોગ્યતા આગલ થાસે, એહવું તે મન ભાવીયુ ॥
પણ હજુ મોટુ સાહસ કરવું, એહવુ તે મન આવીયુ ॥ ૧૪
જે સંજોગ પ્રભુજી શું કરૂં, એહવુ મન તેને ચાવસુ ॥
તેણે કારણે કાષ્ટવત થઇ, એહ તેને મન ભાવસુ ॥ ૧૫
એણે સીલા ઉપર ધરી બીજી સીલાએ રોલીયુ ॥
તેહ થકી વટલા થયા, અતિશય તે ઓપીયુ ॥ ૧૬
પછી તેને સુઇના અગ્રે કરી, તેહને તે વેધિયુ ॥
એહ ગુણે કરી તેને પરોયા માલા થઈ દયા કરી ॥ ૧૭
એહતું કૃત્ય જોઇને પ્રભુજીએ તે કરૂણા કરી ॥
ભક્ત દ્વારા લઇ પ્રીતસુ ગ્રીવા ઉપર પ્રેમે ધરી ॥ ૧૮
હવે તે માલા તુલસી તણી, ઉર ઉપર બીરાજે છે ॥
કલ્યાણ કે પ્રભુ શ્રી ગોકુલપતિ, નિત્ય ગોકુલ બીરાજે છે ॥ ૧૯

(સંપૂર્ણ)



કવિત કૃત વલ્લભદાસ કવિ સંવત ૧૯૮૭

યહ મારગ સરવોપર શ્રી વલ્લભ તુલસી માલાકો
જુગ જુગ રાજ ચલ્યો આયો, હરિ મંદીર તિલક સુભાલકો ૧
શ્રી માહપ્રભુ કંઠ મધ્ય રાખી, માલા નિજ અંગ કુ
કીનો દ્દઢ અંગિકાર, રાજ તહે શ્રી અંગ સંગ કુ ૨
હુકમ ભયો જહાંગીર કો, તુલસીમાલજુ ઉતારો
બહુ મોલ કંઠહાર મુકતા કયું ન ધારો ૩
માહાપ્રભુ અતુલ પ્રતાપ સહીત, કહ્યો મન ભાયો
મોતીન માણેક બહુ મોલકી માલા સો તુલસી સમ ન આયો ૪
તુલસીમાલ હે પરમધર્મ યાકે હે સબ પાછે
ભૂષણ એહ શિંગાર હીત કરો કોઉ જન આછે ૫
પૃથ્વિ પર માહાન ત્રાસ ભયો વૃજ મંડલ સબે મારી
મહંત બડે બડે સ્વામીન મીલી સબન માલા ઉતારી ૬
ગોકુલનાથ માલા તિલકધર્મ જાત રાખ્યો અપન હાથનજુ
સનમુખ નૃપતિ બોલ નાહી શકયો રહ્યો ભેચક નિહારીજુ ૭
શ્રી ગોકુલનાથને હિંદુકી પત રાખી હે
વલ્લભદાસકે પ્રભુ ભકતનકી લાજ રાખી હે ૮

(સંપૂર્ણ)

શ્રી આચાર્યજી પ્રગટિત ધર્મ મારગ એ સંસાર પ્રસીત છે. લોકની અને વેદની મર્યાદ રાખી ધર્મનો અને દૈવી જીવોનો ઉદ્ધાર કર્યો છે. શ્રી આચાર્યજી પ્રગટિત ધર્મથી જગત કૃતાર્થ થાય છે. જ્યારે જ્યારે ધર્મની ક્ષીણુતા આવી, ત્યારે ત્યારે અવતારોએ પ્રાગટ ભૂતલ મધે લીધેલ છે. પરંતુ આ શ્રી ગોકુલેશજીનું પ્રાગટય, વેદનો અને મર્યાદનો ત્યાગ કરી, સુદૃઢ ટેક સહીત ધર્મને રાખ્યો છે. દૃષ્ટાંત- આ સંસાર સાગરમાં કૃપા રૂપી શ્રી આચાર્યજીની નાવમાં, એતન મારગી સર્વે સમાજ બેઠો છે, તેવામાં દુષ્ટ ચિદ્રુપ- રૂપી, અધર્મ ફેલાતો પ્રચંડ વ્યારનો ઉત્પાત થયો, તેને વશ જહાંગીર નૃપતિ હતો. આ દુષ્ટ વ્યારનું તોફાન આવ્યું, ત્યારે નાવ ડુબવા પરીયંત આકુલ માન થયુ, તેને કોઈ બચાવા શક્તિમાન ન થયા. તે કેવલ શ્રી વલ્લભે, સ્વરૂપ બળે કરી, તે નાવને અને તેમાં બેઠેલો એતન મારગી સમાજને બુડતો બચાવેલ છે. અને ટેક દૃષ્ટતા સહીત, તિલકમાલાનું રક્ષણ કરી આચાર્ય પ્રગટિત મારગ, તાપ- પરિવસાઈ, સ્નેહમારગને, ટકાવી રાખી સુદૃઢ કરી, નિર્ભય અચલ સ્થાપિત કર્યો છે. આ મુખ્ય કારણે શ્રી વલ્લભની અધિકતા જણાવેલ છે ઇતિ મે મતિ.

આ પુસ્તિકા પ્રગટ કરવામાં પ્રયત્નશીલ રહી જરૂરી સેવા આપવા માટે બાયડ નિવાસી શ્રી માધવલાલ અંબાલાલ શાહ અને બધું જ કામ જાતે સંભાળી તૈયાર કરનાર કલ્પના પ્રેસના માલીક શ્રી કૃષ્ણકાન્તભાઈ જે. પરીખનો હું



ઋણી છું. બંને ભગવદીઓને મારા ભગવત સ્મરણ.

જૈ જૈ શ્રી ગોકુલેશ

શાહ ચંદુલાલ હરિવલ્લભદાસ
ગોકુલ નિવાસી

: શ્રી હરિ :

જયશ્રી ગોકુલપતિ શ્રી ગોકુલેશોજયતિ

# ગ્રંથ માલા તિલક નિર્ણય

## શ્રી ગોકુલનાથજીનો સંન્યાસી અને જહાંગીરથી થયેલો વાદવિવાદ

સંવત ૧૬૭૪ માં સંન્યાસી ચીદ્રુપ સાથે ઉઠેલો ઉપદ્રવ : ચીદ્રુપ નાતે મોઢ બ્રાહ્મણ, ગામ હીલોલ, પરગણું બહીઅલ, તાલુકા નડિઆદ ( ગુજરાત )

ત્યાંથી ગામ ઉજ્જૈન માલવામાં આવ્યો. ત્યાં ક્ષિપ્રા નદી આગળ ભીમરથી ગુફા ગામ બહાર રહેતો હતો. જેથી ગામના લોક બાહિલો કહીને બોલાવતા હતા. ( બાહિલો એટલે અત્યંજ થાય )

બાદશાહ જહાંગીરનું કાશ્મીરથી આગ્રા પ્રસ્થાન : પૃથ્વિપતિ મૃગયાને દાહોદ ઝાલોદના વનમાં જતાં. જ્યારે ઉજ્જૈન આવ્યું ત્યારે તેમના સીપાઈએ રાજાને કહ્યું અહીં એક મોટો મહંત ગુફામાં રહે છે તે ઘણો ચમત્કારી છે. ત્યારે બાદશાહે તેને મલવાની ઈચ્છા દર્શાવી ત્યારે તેણે ગુફા બતાવી. બાદશાહ તેને મલવા ગુફામાં ભીતર ગયો. સંન્યાસીએ ઉભા થઈને રાજાનું સન્માન કર્યું. નૃપતિ કહેવા લાગ્યો

ક્રાંઇ અનુભાવ બતાવ. સંન્યાસી સીદ્ર દેવનો ઉપાસક હતો તેને અસુર મંત્ર કરી બધી ગુફામાં ચકના ચુર પ્રકાશ બતાવ્યો. તે જોઈ બાદશાહ પ્રસન્ન થયો અને કહ્યું માગ ત્યારે સંન્યાસીએ કહ્યું હું વિરકત છું મારે કાંઈ જોઇતુ નથી પરંતુ એક વાત છે ધર્મની. જો તુમ સત્ય વચન કહો તો કહુ. ત્યારે બાદશાહે સત્ય વચન આપ્યું તુ કહીશ તે કરીશ. ત્યારે ચિદ્રુપે કહ્યુ તુલસીની માલા અને તિલક અને સ્વરૂપ સેવા જે કરે છે તે કંઈ લેખનમાં નથી. તે પૃથ્વિપતિને અનિષ્ઠ છે માટે માલા તિલક મિટાવીને ધર્મને પ્રર્વતાવો. ત્યારે બાદશાહે સત્ય સંકલ્પ કરી વચન આપ્યુ અને અવશ્ય હું તેનુ પાલન કરીશ એમ કહીને દેશાધિપતિ મૃગયાને ગયો અને બાબાજી કહી બોલાવ્યો અને વિદાય થયો.

## પ્રથમ ઉજજૈનમાં થયેલો ઉપદ્રવ

**પ્રસંગ દેવાભાઈ :** આ દેવાભાઈ જાતે સરાણીઆ હતા તે શ્રી ગુંસાઈજીના સેવક હતા. તેઓ માલા તિલક સહીત રહેતા હતા. તેઓ ઉજ્જૈનમાંથી ચીદ્રુપની ગુફા આગળથી નીત્ય જતા આવતા હતા. તેને સંન્યાસીએ બોલાવી કહ્યું તુ નીત્ય મારી આગળ થઈને તુલસીમાલા તિલક સહીત જાય છે. અલ્યા તુ કોણુ છું કુટણીના જાણુતો નથી કે મહિપતિની આજ્ઞા નથી તે માટે તુ ઉતાર.



**જવાબ :** માલા એ ઉતારી કેમ જાય ઉતારવા પહેરી નથી. માલા માથા સાટે છે માલા ઉતરાવે એવુ કોણુ છે માલા સામુ કોઇ જોઇ શકતુ નથી.

**સવાલ :** સાંભળી સંન્યાસીને રીસ ચઢી ક્રોધ વસ થયો અને ત્યાંનો હાકેમ મહંમદ તકીને બોલાવ્યો અને કહ્યું બાદશાહનો હુકમ છે કોઈ માલા પહેરી શકે નહી અને આ ઉતારતો નથી તુ તેની માલા ઉતરાવ.

મહંમદ તકીએ દેવાભાઇને દરબારમાં બોલાવ્યો અને કહ્યું તુ માલા કેમ પહેરે છે જાણુતો નથી બાદશાહનો હુકમ છે કોઇ માલા પહેરી શકે નહી તુ માલા ઉતારી દે.

**જવાબ :** દેવાભાઇ કહે માલા કેમ ઉતારી જાય એ માલા જગદીશે પહેરાવી છે એવું કોણુ છે માલા ઉતરાવે. માલા બાંધી છે શીશ સાથે તે શીશ સાથે જાય હાથે કરી માલા ઉતારી જાય નહી. આ સાંભળી મહંમદ તકીએ હુકમ કર્યો એને હાથી તળે કચડી નાંખો. હુકમ થતાં જ મહાવત હાથીને લઈને આવ્યો અને અંકુશ મારી એના ઉપર ચલાવ્યો પરંતુ હાથી ડગે જ નહી. ઘણો જ પ્રયત્ન કર્યો હાથી હઠે જ નહી પછી બીજો હાથી મદગલીત લાવવા હુકમ કર્યો. તે મહાવત બીજો હાથી મદગલીત લાવ્યા. તે હાથી દેવાભાઇને દેખીને ચીસ પાડી નાઠો ને ઘણા મનુષ્યોને કચરી નાખ્યા અને નાઠો. આ જોઇને મહંમદ તકી આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે :

એમની માલા ખુદા ઇશ્વરે આપેલી છે. મારી તાક
એમની માલા ઉતરાવવાની નથી. પછી મહંમદ તકીએ દે
ભાઈને ઘરે બોલાવી હાથજોડી એક રૂપીઓ અને પામ
ઓઢાડીને વિદાય કર્યા.

સંવત ૧૬૭૪ ના કારતક વદી ૧૧ ને સોમવારે બા
શાહ જહાંગીરનું આગ્રાથી કાશ્મીર જવા પ્રસ્થાન કર્યું ત્યાં

ચિદ્રુપ ઉજ્જૈનથી મથુરા આવતો હતો ત્યારે
નૌરંગાબાદ આવ્યો ત્યારે તે સમાચાર ગોકુલ શ્રીજી ક
આવ્યા ત્યારે (આપ) શ્રીજીએ વિચાર્યું કે તેને ભિક્ષાં
બોલાવવો જોઇએ. તે શ્રીજી ઘોડેસ્વાર થઇને નૌરંગાબ
પધાર્યા ત્યારે વેગળેથી કોઇએ બતાવ્યો કે પેલો સંન્યાસ
ચીદ્રુપ છે તે પોતે પાસે જઈને નમો નારાયણ, નમે
નારાયણ કહીને ઉભા રહ્યા. સંન્યાસીને કહ્યું આ ગોકુલના
તમોને નમો નારાયણ કહે છે તે છે ત્યારે સંન્યાસીએ
નમો નારાયણ નમો નારાયણ કહીને કહ્યુ તમો શ્રી ગોકુલ
નાથ છો આવો આવો. ભલે ત્યારે ગોકુલનાથજીએ સંન્યાસીને
કહ્યુ હમારે ઘરે ભિક્ષા માટે આવો ત્યારે ચિદ્રુપ કહે આ
તો અવેર હોત હે. ત્યારે શ્રીજીએ કહ્યું હમો ગ્રહ સ્વામ
છીએ, તુમ વિરકત સંન્યાસી છો તમારી ફરજ છે ભિક્ષાને
આવવુ જોઇએ ન આવો તો તમારી મરજી. આમ કહે
વિદાય થાય છે.

જવાબ : સ્પષ્ટ વકતા શ્રીજી બોલ્યા શાસ્ત્ર સંવ



વેદ મૂલસો કહે સો અવશ્ય કરે નિર્મૂલ તો કીયો જાયે
નાહી જો કોઉ શાસ્ત્ર વિરૂદ્ધ કહે સો કીયો જાયે નાહી
કબહુ.

સવાલ : જહાંગીર કહે આપ મથુરા ડેરે આઇઓ
પ્રાતઃ જો કહેનો હોવે સો વહાં કહીઓ અરૂ હમકુ કહેનો
હોવેસો વહાં કહેંગે અબ આપ વિદાય હો વહાં મથુરા ડેરે
આઈઓ.

## મથુરા પ્રસ્થાન

શ્રીજી ફલાહાર કરીને વિચાર કર્યો મથુરા સાથે લઈ
જવા માટે માલા તિલકનાં સિદ્ધાંન્ત એકત્ર કરી પોતે
પોતાની સાથે લીધાં. તેનું નામ સાર સંગ્રહ ગ્રંથ રાખ્યુ
અને દેશાધિપતિની સભામાં કોટિ સુર્યનો પ્રકાશ સહીત
સામે જઇ ઉભા રહ્યા. ભૂપે કહ્યું આઓ આઓ મનમાં
આશ્ચર્ય થયો ધર્મ ઈનકા સાચા વણુ તેડે અહીં આવીને
ઉભા રહ્યા ત્યારે બાદશાહે કહ્યું હમ સંન્યાસીકી ગુફામાં
જાત હે તુમહી ચલો.

ત્યારે શ્રીજીએ કહ્યું ઈચ્છા તુમેરી હમારો કાહા
વિચાર. શ્રીજી નૃપતિ સાથે ચિદ્રુપની ગુફાએ જાય છે ત્યાં
શ્રીજી ગુફાની બાહેર ઉભા રહ્યા. જહાંગીર પાલા થઈને
ગુફામાં ગયો ને સીસ નમાવીને કહ્યું બાબાજી મોહીકુ
આજ્ઞા દીજીએ ત્યારે સંન્યાસી કહે તમોએ જે વચન

આપ્યુ છે તે વચન પાળો અને એમની માલા ઉતરા
એ સંસારીને અવિહિત છે અમંગલકારી છે ત્યારે બાદશા
સંન્યાસીને કહે છે.

આ ઠાડે હે બાહાર ગોકુલનાથ ગ્રંથ ચર્ચા
ઉનકે સાથ કરો વો કહત હે વેદોકત હોવે સોઇ કરીએ.

સંન્યાસી બાદશાહને કહે છે તમો એમને મારી પા
શીદ લાવ્યા મારે કંઈ પુછવુ કહેવુ એમનાથી નથી. તમ
વચન પાલો અને તમારી છડીના બલે એમની માલા ઉતરાવે
અઘરવાનુ કામ નથી તમારી છડી કામ કરશે ત્યારે પાદશા
સંન્યાસીને કહે છે ગોકુલનાથ જો કહત હે સિદ્ધાંતથી કહ
હે કે અપને મનથી કહત હે. શાસ્ત્રમાં કહ્યુ છે કે નાહ
ત્યારે સંન્યાસીએ કહ્યુ તે જે કરે છે એમજ પર
બ્રાહ્મણે જે કહ્યું છે તે જ હું કહું છુ તે તમારા હીત
ના હોત તો હું શાને કહેતો એ અનિત છે અમંગલ
મારી પાસે એમને લાવશો નહી તમારો હુકમ જ કા
કરશે. એવો કોણ ભૂમંડળમાં છે કે નૃપતિનો બોલ ઉઠાવે
તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવાળુ ભૂમંડમાં કોઈ છે
નહી માટે તમારા વચનના બલે એમની માલા ઉતરાવો.

બાદશાહ ગંભીર વિચારમાં પડયો. બાદશાહ એ
સમજતો હતો કે બાબાજી શું ચર્ચા વાર્તા સિદ્ધાન્તથી થશે
અને તેનો નિર્ધાર થશે. બાબાજીએ શાસ્ત્રનો વિચાર કર્યો
નહી હમારા બાપ દાદાએ દિક્ષીતજીને ઘણું માન આપ્યુ



છે તેને હું કેમ દુર કરૂ એ ચિંતા કરવા લાગ્યો.
હું મોહિની વિદ્યાએ વશ થઈ ગયો મારાથી વચન
અપાઈ ગયુ હવે શું થાય પછી થોડી વાર વીચાર કરીને
કહે છે હમણાં માલા ઉતરાવુ છુ. એમ કહીને પોતાને ડેરે
ગયો ને શ્રીજીને ડેરે બોલાવ્યા.

જહાંગીરનો હુકમ : સુનો જે ગોકુલનાથ ગુંસાઈ
તુમ કોણુ ભ્રાંન્તીકો વિચાર કીનો. બાબાજી કે સાથ બાબાજી
જો કહે સો કરો અરૂ માલા ઉતારો અરૂ મેહુ કહત હે
તુમ માલા ઉતારો.

જવાબ શ્રીજીનો : વૈષ્ણવ ધર્મ મૂલથી ચલ્યો
આયો હે વામાં માલા તિલકકો અરૂ સ્વરૂપ સેવાકો નિષેધ
કોઉ બતાવે સો કરે. માલા કયું ઉતારે ત્યારે નૃપતિ બોલ્યો
વે કયું કહત હે ત્યારે શ્રીજી બોલ્યા વો તો મૂર્ખ હે કછુ
સમજત હી નાહી દેખત નાહી શાસ્ત્ર તાસુ કાહા કીજીએ
ઈનકે કહે હમ માલા નાહી ઉતારેંગે.

જહાંગીરનો હુકમ : તો કાહા તુમ ઉનકો અરૂ
હમારો કહ્યો નાહી માનત હો માલા ઉતારો હઠ મતિ કરો.

શ્રીજીનો જવાબ : શ્રીજી ચતુરાઈસુ એક વ્યંગ
વચન બોલ્યા. જાકો કીયો દેશાધિપતિ કરે વાકો કહ્યો ઓર
પ્રજા સબ કયું ન કરે પેં મે જો કહત હું સો ધર્મ કે
ન્યાયે જે કછુ ઉચિત હોય સો કહો હમ કયું નાહી કરે.

વેદ પુરાણ શાસ્ત્રમાં એક અક્ષર કાહું હોય સો બતાવે આ હમારી પાસ પુસ્તક લાયે હે અરૂ મંગાયકે દેખીએ વામે નીકલે સો બતાવે સો કીજીએ. હમ ધર્મકી ઉચીત બાત માનેંગે અણુઉચીત હમ કબહુ નાહી માને. સમે વર્તિ શ્રીજીની ગંભિરતા. શ્રીજી સમય જોઈને ના ન કહી. કોઈ વાતનો નિર્ધાર ન કર્યો અને મૌન થઇ ઉભા રહ્યા.

તે સમયે બાદશાહે જે માલા ઉતારવાનો હુકમ કર્યો તે સમયે ઉત્તર ન આપ્યો તેનું કારણ.

શ્રી મહાપ્રભુ આ સમયે પોતે ઉગ્ર પ્રચંડ પ્રતાપ અલે બાદશાહના વચનનું ઉલ્લંઘન કરી દિગ્વિજય કરતા પરંતુ પોતાની ઇચ્છાએ આ માલાનો ઉપદ્રવ ઉઠાવેલો હતો તે કારણે વચન ભંગ કર્યું નથી. કાશ્મીરમાં પધારી અનારજ દેશોમાં જે દૈવી જીવો હતા તે અમથા રહી ગયા હતા કારણ શ્રી આચાર્યજી શ્રી ગુંસાઇજીએ સરસ્વતીનું ઉલ્લંઘન કરેલ નથી વેદ અને મર્યાદાનું પાલન કર્યું છે જેથી પધાર્યા નથી તે શ્રીજી. એ વેદ મર્યાદાનો ત્યાગ કરી ધર્મનું રક્ષણ કરવા અને ત્યાંના જીવોને પોતાના પદ કમલે કરી શુદ્ધ કરવાના હતા જે સ્થાવર જંગમ જડ વત પશુ પક્ષિનો ઉદ્ધાર કરવાનો હતો અને પોતાનો જશ અને ધર્મનો વિસ્તાર કરી શ્રી આચાર્યજીએ તન માર્ગ તે નિર્ભય થતો નહી. આ કારણે પોતે તે સમય કાંઈ બોલ્યા નહી તે બાદશાહ શ્રીજીને જે જે કહેતા હતા તે સમયનો વાદ વિવાદ રાયસીંગ ભુરટીઆની બેટી માનીબાઇ તે જનાનામાં



પાદશાહની મહેતારી મરીયમ જમાનીની પાસે દોડી ગઇને કહેવા લાગી કે જો બાદશાહ હવે ગોકુલનાથને કાંઇ આગળ કહેશે તો હમો સર્વે રાજપુતાનીઓ કટારી ખાઈને મરશું. આ વાત મરીયમ જમાનીએ આવીને નૂરમહોલ બેગમને આવીને કહ્યું કે આ રજપુતાનીઓ એમ કહે છે કે હમ હિંદુ જાત છોડી તુરકની હુઈ અબ આ વખતે જો પાદશાહ ગોકુલનાથને કંઇ આગળ કહેશે તો હમો સર્વે કુંન્ડવા સહીત ઝેહેર કરી મરશુ. નૂરમહોલે તરત ભીતર બાદશાહને બોલાવીને કહે છે કે :

એક જીવ દુઃખી કીયા ભલા કે દુનિયાં દુઃખ પાવે સો ભલા. જગતકુ દુઃખ દેકે કાહા ઈન બાબાજી કી રૂખ રાખત હો. વે માનવંતીઓ કહે છે કે હમ કુંન્ડવા સહીત ઝેહેર કરીને મરશુ. એ ઇશ્વર હે ઇનકી દુઆ લેની ચાહીએ એ કાહા ઉનકી દુઆસે કાહા હોએંગો.

બાદશાહ કહે છે એ ગોકુલનાથ બાબાજી કે સાથ એક રસ કયું નાહી હોત હે. ત્યારે નૂરમહોલ કહે છે એક રસકી કાહા ચલી એ ગોકુલનાથ સબનકો એક રસ કર દેએંગે પેં એ બડે ઈશ્વર હે. એ કાહુકો બુરો ચાહત હી નાહી હે તાતે ઉનકી દુઆ લેની ચાહીએ. પાદશાહ જનાનામાંથી આવીને દરબારમાં આસફખાનને કહે છે ગોકુલનાથજીકો તુમ બાબાજીકી પાસ લે જાઓ એ કાહા કહતહે ત્યારે નૂર મહોલે આસફખાનને બોલાવીને કહ્યું એક બેર વહાં લે જાકે

બાત ઉતાર ડાલે। ફીર આસફખાન શ્રી ગોકુલનાથજીકે બાબાજી પાસ લઈ જાય છે. આસફખાને બાબાજીસુ કહી એ આયે હે ગોકુલનાથ તુ કાહા કહત હે. ત્યારે સંન્યાસી બોલ્યો હું કાંઈ તેમનાથી કહેતો નથી. મારે શી પડી છે બાદશાહ જાણે ને ગોકુલનાથ જાણે. જેણે ધર્મે કરી બાદશાહકો ભલો હોય તેસે કરો ત્યારે શ્રીજી બોલ્યા પાદશાહકો ભલો પાદ-શાહકે ધર્મસુ હોએગો. ત્યારે આસફખાન બાબાજીસુ કહતહે તુ એસે મતિ જાણુકે પાદશાહ મેરા ભયા હે. પાદશાહ તો કઢાઇ કે પાતહે તુ સમજ સોચકે ચલીઓ. આસફખાન ગોકુલનાથ પાછા દરબારમાં આવ્યા ત્યારે પાદશાહે પુછયુ એ કાહા કહત હે ત્યારે આસફખાન કહે છે એક બાત નિર્ધાર કરકે કછુ કહત નાહી કબહુ કછુક કબહુ કછુક.

જહાંગીરનો હુકમ : લીખવાદો જો બાબાજી કહેંગે સો કરેંગે. અરૂ માલા ઉતારેંગે એસે લીખદો. એ આસફખાન શ્રીજીસુ કહે છે કે આપ એક બેર લીખદો પાછે ઝખ મારત હે.

જવાબ : શ્રીજી બોલ્યા લીખકે કાહા હમ ધર્મ છાંડે હમ એસો કપટ ધર્મ આચરત નાહી હે જો એસો લીખદેવે. ત્યારે આસફખાન શ્રીજીસુ કહત હે ચિંતા મતિ કરો એક બેર લીખદો. શ્રીજી લખી આપે છે કે બાબાજી જો શાસ્ત્ર ઉચીત કહેંગે સોઈ હમ કરેંગે વેદ શાસ્ત્ર પુરાણુકી બાત માનેંગે જો કહેંગે સોઈ આમ લખી આપીને શ્રીજી પાદશાહથી



વિદાય થઈ શ્રીમદ ગોકુલ સુખ રૂપે પધારે છે તે.

સંવત ૧૬૭૬ ના કારતક વદી ૦)) વાર ગુરૂવારે મથુરામાંથી શ્રીમદ ગોકુલ ચાર દીવસે વાદ વિવાદ પાદશાહ સંન્યાસીથી કરીને પધારે છે.

પાદશાહ જહાંગીરનું કાશ્મીર પ્રસ્થાન : જતી વખતે શેરખાં ફોજદાર તથા સકદાર ઇતબારખાનકુ આજ્ઞા કરી કે બાબાજી સો કહે સો કરીઓ ઓર ઈનકી ચોકીમેં રહીઓ.

## મથુરામાં ઉપદ્રવ બે વરસ ચાલ્યો

બાબાજીને મહિપતીનું માન મલવાથી મથુરામાં ઘણો જ ત્રાસ ત્રાસ વરતાવ્યો છે. એક તો દુષ્ટ અને પછી મહિપતિનું માન. જેમ વાંદરાએ કર્યું મધુપાન અને કારેલી ચઢી લીમડે એ કહેવત જેવુ કર્યું છે.

**મથુરામાં ચીદ્રુપનો હુકમ :** ફોજદાર શેરખાંને હુકમ કર્યો કે મથુરા ગામમાં તેમજ વૃંદાવનમાં જે કોઈ તુલસી માલા વેચતા હોય તેઓને લુંટી લો અને દુકાનો બાળી મુકો જો કોઈ માલા રાખેજ નાહી. ત્યારે ત્યાંનો સકદાર કહે છે દુકાનો બાળવાથી સાથેનાં ઘરાં બળશે તો પાદશાહ પુછશે તો શું જવાબ આપીશ ત્યારે ચીદ્રુપ કહે છે તો દુકાનોનાં મોઢાં ચણી લો અને ઢાંડી પીટાવો કે મથુરા વૃંદાવનમાં કોઇ તુલસીની માલા પહેરી શકે નહી અને કોઈ તુલસી માલા વેચી શકે નહી. ઉત્પાત ઘણો થયો તે સર્વે વૈષ્ણુવો મલી શ્રીજી પાસે આવ્યા તેઓનાં

નામ : મહેરા પુરુષોત્તમદાસ નાગજીભાઈ, જેરામભાઇ ન્યાલચંદ, કલો કૃષ્ણદાસભાઈ ગોવિંદદાસ, બીહારીદાસ શ્યામદાસ જેતલી. આ સર્વે વૈષ્ણવોએ વિનંતી કરી જે રાજ એની બાજી ચઢી છે ઉત્પાત ઘણો જ થઈ રહ્યો છે કોઇ ધિરજ ધરી શકતા નથી જબરન માલા દેખે તેની ઉતરાવે છે તો કોઇ ઉપાય કરવો જોઇએ આ સાંભળી નાગજી ગાંધી અને ન્યાલચંદભાઇને બોલાવી દેશાધિપતિના કટકમાં આગ્રા લશ્કરખાન હાકેમની પાસે મોકલ્યા ત્યાં જઈને કહે છે કે સંન્યાસી અહીં આવી આવી ઉપાધિ નિત્ય કરે છે. લશ્કરખાંને મહાપ્રભુના કુશલ સમાચાર પુછ્યા નાથજીનીકે જે કહીને કહે છે કે ઝખ મારત હે સંન્યાસી કહેંગો તબ જાનીએ તુમ ચિંતા કછુ મતિ કરો અરૂ મનમે કછુ આનનો નાહી નાથજીકુ હમારી દુઆ કહીઓ અરૂ કહીઓ હમતો તુમેરી સેવામેઈ રહત હે તે સમાચાર શ્રીજીને આવીને કહ્યા.

**સંન્યાસીની કૃત**-જ્યારે ભિક્ષાને ખાવા જાય ત્યારે આગળ પ્યાદા રહે પાણી મસકોથી છંટાય અગનોતરીને ત્યાં તેને ઘરે ભોજન કરે અને ખાઈ ઉઠે તેને ઘરે સુઈ જાય આરામ કરે ગ્રહસ્થના ઘરની સ્ત્રીઓ પગ ચંપી કરે સાંધા લગાવે એક સ્ત્રીએ વસ્ત્ર ઉંચુ પહેર્યુ હતુ તે ઉંચી હતી. તેને પુછ્યું તેં વસ્ત્ર ઉંચુ કેમ પહેર્યુ છે? ત્યારે તે કહે અહીં મલતુ નથી ત્યારે તરત જ વણકર બોલાવી



પોતાના દંડથી માપીને હુકમ કર્યો કે વેગુ કરીને લાવો નહીંતર દંડ દઈશ.

**સંન્યાસીનો હુકમ** : ગામમાંથી વચીષ્ટ પાંચ બોલાવીને કહ્યું તમો ગોકુલ જાવ અને ગોકુલનાથને બોલાવી લાવો અને સમજાવીને તેઓની માલા ઉતરાવો. વચીષ્ઠ ગોકુલ આવ્યા શ્રીજીએ પુછ્યુ કયું આયે હો ત્યારે કહે છે કે તમોને સંન્યાસી બોલાવે છે અને આમ કહેવડાવ્યું છે કે આજ્ઞા મહિપતીની માલા પહેરવાની છે નહીં આપ એક રાજ માલા ઉતારતા નથી અને સર્વેએ માલા ઉતારી છે તો રાજ આપ માલા ઉતારીએ.

ત્યારે **શ્રીજી સ્પષ્ટ વકતા બોલ્યા** : તુમ જા કે કહો કે ઉતારી જો સબ કહી ઓર સબનને પહેરી તો કાહા હમ કાહુકે પાછે લગુઆ નાહી હે. હમ સ્વતંત્ર સદાય રહે અરૂ કાહુ કે કહે ઉતારેંગે નાહી ઓર કબહુ ઉતારેંગે નાહી કોઉ કછુ કરો ઓર કાહુકે પહેરે હું નાહી પહેરી હે તુમ વાહીસુ જાય કે કહો એહ હમારો વચન નિદાન હે ભગવદ ઇચ્છા હોએગી સોઈ પેં હમારી એસી ટેક હેં અરૂ સત્ય વચન હે જાય કહો આ સાંભળી વચીષ્ઠ પાછા ગયા.

**વચનામૃત** : ભગવદ ઈચ્છા નિરધાર ન હોવે તો કોણ ભ્રાંન્તી પ્રમાણીએ ત્રણ પાદશાહીમાં જો ઠાકુર પક્ષ ન કરતા આ ટાઇમે તો ત્રણ લક્ષ વરસ લગી કોઉ માલા

પહેરી શકતા નાહી ને તિલક કરી શકતા નાહી એસો સમય યહ હૈ.

એક દીવસે આગ્રાથી વંશ ગોપાલ ક્ષત્રી તે ફોજદાર તેની બદલી મથુરા થઇ તે સંન્યાસીને મલવા ગયો ત્યારે સંન્યાસી તેને કહે છે કે તુ ગોકુલનાથને મારી પાસે લઇ આવ. વળતો તે ગોકુલ આવ્યો. શ્રીજીએ તેનું સમાધાન કર્યું નહીં ને તેનાથી વાત પણ કરી નહી અને તિરસ્કાર કર્યો વળતો તે ખીસીઆઈને માહાવન ગયો ત્યાં લશ્કર ભેગુ કરે છે ત્યારે માહાવનનો સરદાર રાય ગદાધરદાસે કહ્યું આ લશ્કર કયાં લઈ જવા કરો છો. હમકુ કહેનો તો ચાહીએ અહીંનો હાકમ મેં હું એસી ઠોર હોવે તો મેં પણ તુમેરી સાથ ચલુ અરૂ મેરો કટક મોકલુ ત્યારે વંશ ગોપાલ ફોજદાર કહે છે મેં ગોકુલનાથકુ લેન આયા હું ત્યારે ગદાધર કહે છે એ તેરે સાથ આવેંગે નાહી ત્યારે તેને કહ્યું વહાં કટક કો સામાન બહોત હે ત્યારે રાય ગદાધર કહે છે સામાન તો કછુ એ નાહી પે ઉનકી એસી બાન હે એક મનુષ્ય બોલાઈ લાવે તો આવે અપની ઈચ્છા તે નહીતર લક્ષ ઉપાય કોઉ કરો એ આવેંગે નાહી. જહાંગીર સુબાનો ભાઈ જહાંગીર પાદશાહ બોલી શકયો નાહી એસો પ્રતાપ હે. આ સાંભળી તેની દુષ્ટતા ગઈ અને સેવકભાવ આવ્યો તે પછી મથુરા જઈને સંન્યાસી આગળ શ્રીજીની સ્તુતી કરવા લાગ્યો.



શ્રી બેઠકજીમાં બેઠેલા વૈષ્ણવો આપસમાં આ ઉપદ્રવ જોઇને આપસમાં વિચાર કરે છે કે ચીદ્રુપે ત્રાસ ત્રાસ વર્તાવ્યો છે તો તેનો આપણે અંત લાવીએ તો તેનો દોષ આપણને લાગશે નહીં. કાવિઠાના પ્રાગદાસ કહે છે કે એ કામ મને સોંપો. રાત્રીમાં જઈને એનું છેદન કરૂ, હરરામ જલગરીઓ કહે છે આપણે વિશ્રામ ઘાટે જઈ બેસીએ. એ નાહાવાને પેસે ત્યારે તેનો પગ ઝાલીને દુર સુધી જલમાં ખેંચીને લઇ જઇ અંત આણીએ, પહોરૂઓ કહે છે એ કામ હું કરૂ. હું જલમાં બે પહોર સુધી મગરની પેરે જલમાં રહું છું તે તેને જલમાં દુર સુધી લઈ જઉ મને કોઈ જાણશે નહી હું દુર જઈ નીસરૂ. પછી વળી એક કહે છે કે એ ખાવાને જાય ત્યાંહાં તેનો અંત લાઉ વળી એક કહે છે કે એને સીધામાં ઝેર મેલવીને આપીએ. એ નારાયણદાસના હાટે સીધો લેવા આવે છે. ત્યારે વળી એક કહે છે જ્યાં એ સુતો હોય ત્યાં જઇ તેનું માથુ કાપી નાંખુ, વળી એક કહે છે કે તેના ઉપર પત્થર નાંખી અંત લાવું, વળી એક કહે છે કે તેનુ કમંડર પાણી પીવાનું હોય તેમાં ઝહેર મીલાવી દઇએ મને કોઇ જાણશે જ નહી. આમ પરસ્પર સર્વે વૈષ્ણવો બેઠકમાં બેસી વીચાર કરતા હતા તે વાતો શ્રીજી ભીતરથી સર્વે સાંભળતા હતા તે બાહેર આવીને વૈષ્ણવોને કહે છે તુમ વાતો કાહા કરત હો ત્યારે બધા વૈષ્ણવો સટપટાઈ ગયા અને કહે છે હમો કંઇ વાત કરતા નથી ત્યારે શ્રીજી કહે કછુક તો બાત કરત હો.

ત્યારે વચનામૃત શ્રીજીનું પેં આજથે હમારો કોઉ હોએ સો એસો વિચાર કબહુ મતિ કરો. કૃત્ય ઉનકી ઉને લગેગી ભૂગ-ભુતેંગો ઉનકે પાપતે તુમકુ કછુએ કરનો નાહી પડે. જાકો તેંગો અપનો આપથે અને મથુરાના વૈષ્ણવોને કહ્યું ડર લગે સો ગોકુલ સુખેનસુ આપ રહો ત્યારે વૈષ્ણવો કહે રાજ મથુરાવાલા એમ કહેશે કે ડર લાગ્યો એ નાસી ગયા ત્યારે શ્રીજી કહે ધીરજ ધરો સુખેન રહો ચિંતા કછુ કોઉ મતિ કરો એ કાહા કરેગો ઝખ મારત હે પે કોઉ કછુ ઉપાધિ મતિ કરો. સહન કરી રહીએ. ભગવદ ઇચ્છા હોવે સોઇ હોએગી.

**સંન્યાસીનો હુકમ** : સંન્યાસીએ સકદાર અને કોટવાલ, સારંગપોર, ઉદેરામ આ ચારે જણાને બોલાવીને હુકમ કર્યો કે ગોકુલ જઈને ગોકુલનાથની માલા જબરન ઉતારી આવો. આ વાત થીરૂ મલાહે આવીને શ્રીજીને કહ્યું કે એ ચારે જણા આવો મત કરીને આવે છે બુરી દૃષ્ટિથી, ત્યારે શ્રીજી બોલ્યા ચિંતા નાહી.

દામોદર વૈદ તે બડા ઘરને અનુસરતો હતો તેને દુરથી કોટવાલને શ્રીજીની બેઠક દેખાડી તે માધવદાસ ખવાસે તેને દીઠો તે દીવસથી એનુ મોં જોયુ નહી અને જનમભર સંભાસણુ કર્યું નહી આવો ટેક જોઈએ. ફરી કોટવાલ બેઠકે આવ્યો પણ શ્રીજીના પ્રતાપ બળે બોલી શકયો નાહી પછી જરા એક વારે શ્રીજીએ કહ્યું કયું આયે



હો ત્યારે તે બોલ્યો માહાવન આયેથે વહાંસે ગોકુલકા તમાસા દેખનેકુ આયે હો.

ત્યારે **શ્રીજી બોલ્યા** : તમાસા યહાં કાહા હે. તમાસા મથુરામાં કેશવરાય કે વહાં દેખીએ, યહાં તો ઘર હે હમારો, તમાસા કાહા હે. વળતાં પિતામ્બર ભટ્ટ કંઠમાં માલા દુરાવતા હતા. ત્યારે કોટવાલ બોલ્યો કયું વે તુ માલા દુરાવતા હે. જાનત નાહી જે બાદશાહકા હુકમ હે માલાકો પહેરી શકે નાહી ત્યારે શ્રીજી બોલ્યા દુરાવે કાહા દુરાવા પહેરીયત નાહી હે જો દુરાવે. ત્યારે કોટવાલ બોલ્યો જે તુમ માલા કયું પહેરીયત હો બાદશાહની મનાઈ હે માલા ઉતારો.

ત્યારે **શ્રીજી બોલ્યા** : હમ તો પહેરત હે સદાય હમારી સાત સાખા ભઇ આદિ તે ચલી આઇ હે તાપર પહેરત હે હમ લીખે પર હમ પહેરત નાહી.

**કોટવાલ બોલ્યો** : તુમેરી પાસ લીખ્યો હોવે તો બતાવો જાહી પર તુમ પહેરીયત હે ત્યારે શ્રીજી બોલ્યા પેં તુમ મનાઈકો લીખ્યો હમકો લાયકે દીખાવો કે માલાકી મનાઇ હે તુમ વિનુ જાણુ કહત હો પાદશાહસે હમારે બાત ચીત હો રહી હે.

**દામોદર ભટ્ટકો પ્રસંગ** : દામોદર ભટ્ટકો એક સીપાઈએ પકડી માલા ઊપર હાથ નાંખ્યો. ભટ્ટજી તો દોડીને અટારીએ ચઢી ગયા અને સિપાઈના હાથમાં માલા તો

આવી નહીને ધોતી હાથમાં આવી તે બેઠકજીમાં સોર થયો
બુમ પડી ત્યારે શ્રીજી કહે એ સોર કાયકો હોત હે ત્યારે
વૃત્તાંત કહ્યું ત્યારે શ્રીજીએ કોટવાલને શ્રીકંઠની માલા દેખા-
ડીને કહ્યું જો કહેનો હોવેસો હમસુ કહો હમારે લોક કહેનો
કાહા.

ત્યારે કોટવાલ બોલ્યો : તુમે માલા કયું ઉતારત નાહી સંન્યાસી કહે માલા ઉતારો ત્યારે શ્રીજી બોલ્યા સંન્યાસી કો કહ્યો હમ કબહુ નાહી માનેંગે તો કોટવાલ બોલ્યો ચલો સકદાર વહાં બેઠે હે વહાં ચલો તો શ્રીજી કહે અવશ્ય ચલો એમ કહીને આપ ઉભા થયા ત્યારે સહુ આશ્ચર્ય થયા. સ્વરૂપ પ્રાબલ્ય ઉગ્ર સ્વરૂપ જોઇને કોટવાલ ભયભિત થયો પછે લગારેક વાર સામુ જોઇ રહ્યો પછી શ્રીજીસુ કહેવા લાગ્યો કે નાથજી તુમકુ કહા સો માનો પાદશાહસે હઠ મતિ કરો યામે કછુ ભલી નાહી દુઃખ પાવેગે શ્રીજી બોલ્યા ચિંતા નાહી કોટવાલ શ્રીજીને કહે છે એક બેર તુમ હમ મીલી સંન્યાસી પેં ચલે.

શ્રીજીનો જવાબ : હમ કબહુ ચિદ્રુપ પેં ચલેંગે નાહી.

સકદાર કહે છે : તો તુમ પાદશાહ પેં ચલો ત્યારે શ્રીજી બોલ્યા બાદશાહ પેં ચલવેમેં હમકો વીસ દીન લગે હમ વૈરાગી નાહીહે સો ઉઠ ચલે.

કોટવાલ અને સકદાર : શ્રીજીને કહે તુમ આપ



બહોત જોરાવરી હો અરૂ હઠીલા હો વહાંબી ચલો નાહી અરૂ અહીં બી ચલો નાહી યાહી ભ્રાન્તી બાદશાહ પેં હમારી ખાલ ઉતરાવેંગે અરૂ હમારે બચ્ચાનકું ઘાણીમાં પીલવાઓંગે તબ ચીલીઓ એસે હમકુ મરવાવેંગે દયા વિચારી હમ પર એક બેર આપ સંન્યાસી પેં ચલો નાથજી હમારી એ વિનતી માનીઓ ત્યારે.

શ્રીજી બોલ્યા : અવશ્ય એમ કહીને ઉભા થયા ત્યારે સર્વે વૈષ્ણવો તેમજ પરિવાર અને પરીકરોએ જવાની મનાઈ કરી ત્યારે શ્રીજી બોલ્યા એક બેર ઉનપે જાયકે સબ બાત કરી આઉ એમ કહી પધારે છે શ્રીજીએ કોટવાલ અને સકદારને કહ્યું ઘર હો કે વસ્ત્ર પહેરકે ચલેંગે.

કોટવાલ બોલ્યો : નાહી નાહી યુંહી ચલીઓ વિલંબ કરકે રાયકે મોહ વાસીઓસે બોલવાયકે હમકુ મરવાના ચાહતે હો હમસુ દગા કરોંગે. કોટવાલના મનમાં ડર હતો કે પારકે પરગણે લશ્કરખાનની જાગીરમાં છે અને હિન્દુના મુગટમણીને લેઈને જાઉ છુ તો રખે કોઈ આવીને હમ સાથે યુદ્ધ કરે એ કારણે ઉતાવળ કરી લેઈ જવા વિચારતો હતો શ્રીજી અવિરૂદ્ધ સેતુ પ્રવિણ પ્રભુ ઠકુરાણી ઘાટે પધારીઆ.

અહીં કાવીઠાનો મોટો ભાઇ એહોએ વિચાર્યું કે હું રાજપુત આ વખતે કામ ન આવું તો મારી રજપુતાઈ શા કામની તેને મુછે બળ કરી તલવાર હાથમાં લીધી અને

એક એકને જીવતા આજ જાવાદુ નહિ. શ્રીજીએ તેના સામુ જોઇને કહે છે કે આને ઘરે લેઇ જાઓ સેન કરીને વરજ્યો અને વૈષ્ણવોને કહ્યું તેડી જાવ દરેક હથીઆરો લેઈ લેઈ મરણ દઇને આવેલા તેઓને શીખામણ દીધી ઉપાધિ કોઉ મતિ કરો અરૂ સબનકુ કહો કે યહાં હમારી પાસે કોઉ આવે નાહી કોઉ કો આવન મતિ દીજીઓ જંજાર બઢેગી એમ કહી ક્ષણું એક ઉભા રહ્યા અને વાહનની આવવાની રાહ જોવા ઉભા રહ્યા નહી. કોટવાલને સકદારે શ્રીજીને કહ્યું આપ હમારે ઘોડે સ્વાર થાઓ ત્યારે શ્રીજી બોલ્યા હમકો પાલા આવના અભ્યાસ હે ત્યારે સકદાર બોલ્યો આપ પાલા આવો એ હમકો ઉચીત નાહી પછી એહોનુ વચન માની સકદારના ઘોડે શ્રીજી સ્વાર થયા અને કોટવાલના ઘોડે ઘનશ્યામજી સ્વાર થયા વૈષ્ણવો તેમજ બીજા બધા શ્રીજી સાથે હતા તેઓને કોટવાલે મારી મારીને પાછા વળાયા એક દામોદર જીવીબાઇના પુત્રના હાથમાં શ્રીજીના જલપાનનો ગડુઓ હતો તેને પ્યાદાઓએ માર મારવા માંડયો પરંતુ જીવીબાઇનો પુત્ર દામોદર શ્રીજીની નાવે વળગી સાથે ગયો જલપાનનો ગડુઓ મુકયો નહી અથાગ માર તે ઉપર પડયો પરંતુ શ્રીજીનો સાથ મુકયો નાહી વીસરામ રજપુત માર ખાતો ખાતો તરીને પેલી પાર પહોંચ્યો.

**દામોદરદાસનો પ્રસંગ :** આ દામોદર અસ્વસ્થ થયો અને મથુરા બાગમાં પડયો ત્યારે શ્રીજીએ ફરી ફરી એમના સમાચાર વૈષ્ણવોને પુછવા લાગ્યા. દામોદર કેસો હે



ત્યારે જાની જમનાદાસે કહ્યું મહારાજ આજ્ઞા હોય તો જઈને જોઈ આવુ એટલુ સાંભળી શ્રીજી પ્રસન્ન થયા બોલ્યા હાં હાં તુ એક બેર દેખકે આવ તો તો ભલી કરે પછી બાગમાં જ્યાં સુતો હતો ત્યાં આવ્યા ભગવદ સ્મરણુ કહ્યા અને પુછ્યુ દામોદર તુ કેસો હે શ્રીજીએ મને પુછવા મોકલ્યો છે એ સાંભળી દામોદર કહે કાં ન પુછે, હમારે સુ બીજો કોઈ છે. એમ કહીને પછી બોલાયુ નહી તે જાની જમુના-દાસે અહીં આવીને શ્રીજીને કહ્યું જે મહારાજ આણી આણી ભાંન્તે બોલ્યો તે સાંભળી દયા સિંધુ કરૂણા કરી કહ્યું.

**વચનામૃત :** કાહુકો ઉપકાર કછુ કોઉ કરે સો ભૂલત નાહી મથુરા મામલે અપાર માર પડયો પેં મેરી નીકટસે ટર્યો હું નાહી સો મેં ભુલત નાહી એ સ્વામી સેવકનો ધર્મ શું છે એ બતાવ્યો.

**શ્રીમદ ગોકુલ :** શ્રીજીને કોટવાલ અને સકદાર મથુરા લેઈ ગયા ત્યારે ન્યાલચંદભાઈ અને રામશાહ માહવન રાયગદાધર પાસે ગયા અને કહ્યું શ્રી ગોકુલનાથજીકો ઘોંસ મથુરા લેઇ ગયા એ સાંભળી ક્રોધ વસ લશ્કર લઈને ગોકુલ આવી પહોંચ્યો રાયગદાધરે સાંભળ્યું કે લેઇ ગયા પછે ખેદ પામી કહ્યું પહેલે ખબર મને કેમ ના આપી ઘણીવાર ગોકુલ રહ્યા ખબર ન કરી મારે જીવતે લેઇ જાય તો હમો શા કાજના. દાંત પીસીને શ્રી જુમનાજીમાં ઘોડા નંખાવ્યા ત્યારે પહોરૂઆએ આવીને કહ્યુ શ્રીજીની આજ્ઞા નથી કોઉ

મતિ જાવ કોઉ કોઉ પ્રકારની ઉપાધિ મતિ કરો પછી સર્વે દાંત પીસીને રહી ગયા. સામની પારથી આ લશ્કર જો કોટવાલ ઉતાવળ કરી બીતો બીતો શ્રીજીને લઈ જાય છે

શ્રી ગોકુલ આકુળમાંન થયુ કલેશ ઘણો થયો તે જાનકી વહુજીએ ઘરે આવીને જયદેવજી સુતા હતા તે કહે છે સુઇ શું રહ્યા છો ગોકુલનાથ કાકાને મથુરા ધાંસ લે ગયા તરત જ જયદેવજી આગ્રે લશ્કરખાન પાસે જઇ પાંચ શ્રી ગોપાલ કલેશ ભર્યા અટાલી ઉપર આવી બેસી ગયા છે ત્યાં સર્વે લીલાંધર ભટ્ટ, પીતાંમ્બર ભટ્ટ નીલાંમ્બર ભટ્ટ, વિઠ્ઠલ ભટ્ટ, માસા દામોદર ભટ્ટ વીગેરે ભરાઈને પાસે બેઠા છે ત્યારે પોલીઆ ધર્મદાસ રજપુતે તાડીને કહ્યું તમો શું જોઇને અહીં બેસી રહ્યા છો શ્રી ગોપાલને વરજ્યા છે તમોને તો વરજ્યા નથી સહુ મલી અને જાઓ ત્યાં હાં નહી તો પછી આ જનોઇ પહેરી છે તે નાંખી દો જો રજપુતાઇનું કામ હોતુ તો હમો જઇને કરતા આતો તમારૂ કામ છે ઉઠો જાવ શું બેસી રહ્યા છો પછે સર્વે ત્યાં જાય છે.

## સંવત ૧૬૭૬ ના ફાગુન વદી ૧૪

**શ્રીજીનો મથુરામાં પ્રવેશ :** મથુરાનાં સર્વે વૈષ્ણવો સામા આવ્યા. સૌ કોઇ આવી દંડવત કર્યા ધર્મ રક્ષક જાણી જૈ જૈ નો ગાઢે સ્વરે ઉચ્ચાર કર્યો. શ્રીજીએ કેશવ મારૂના બાગમાં ડેરા કર્યો અને સુર્ય કુન્ડ ઉપર પધાર્યા સાથે વૈષ્ણવો,



કૃષ્ણ પારેખ, સંઘજી બહોરા, ભાઇ ભવાન, મેઘજીભાઈ, મોહનદાસ, જીવરાજ ગાંધી, જેરામ ગાંધી, ઉદ્ધવ ત્રવાડી, નાગજીભાઇ, જેમલ ડોસી, વાસણ ગોકુલદાસ, ગાંધી ધર્મદાસ, નાલચંદભાઇ, જેરામભાઇ, જમનાદાસ, માહવદાસભાઇ આ સર્વે વૈષ્ણવો શ્રીજી પાસે ભરાઈ બેઠા છે ત્યારે શ્રીજીએ કહ્યું વેગે કરી જલ લઇ આવો, દામોદર-દાસ બહુત પ્યાસો હે, તાકો જલ તુમ પોવાઇ આવો શ્રીજીએ પોતે સ્પર્શ સ્નાન કર્યા વિના જલ લીધુ નથી પછે વૈષ્ણવો જલ લઇને બાગમાં જ્યાં દામોદર અસ્વસ્થ સુતો હતો ત્યાં જલ લઇને આવ્યા. તે દામોદરે જલ લીધુ નહી અને કહ્યું શ્રીજીએ જલપાન કર્યું નથી ને હું કેમ લઉં તે તેઓએ લીધુ નહી પછી સર્વે પાછા શ્રીજી પાસે આવ્યા ને કહ્યું જૈ રાજ રાજ એણે એમ કહ્યું શ્રીજી ચુપ થઇ ગયા કાંઈ બોલ્યા નહી.

**સારાંસ :** આ કસોટિ વૈષ્ણવોની લેવા પરમુખે ન્યાય કરવા આ લીલા આચરી હતી. સ્વામિ સેવકનો ધર્મ દરેક વૈષ્ણવોને બતાવ્યો છે. સર્વે વૈષ્ણવો જલપાન કરી પ્રસાદ લઈને આવેલા હતા તે દેખાડયુ છે કે ટેક અનન્યતા સરવાત્મ ભાવ દામોદરદાસનો જણાવવા સર્વે વૈષ્ણવો લજવાઇ નીચુ જોઇ રહ્યા અને તેની સરાહના કરી.

**મથુરામાં શ્રીજીનો પ્રસંગ :** કોઇ એક વૈષ્ણવના કંઠમાં માલા દેખી નહી ત્યારે શ્રીજી બોલ્યા કંઇથી માલા

લઈ આવો જ્યાંથી મલે ત્યાંથી લાવો. **થોડી બહોત મલે** તેટલી લાવો અને મને આપો ગામમાં લેવા ગયા તો આખા મથુરામાં હડતાલ હતી માલા મલે નહી જો કોઈ માલા વેચતો દેખે તો તેનુ ઘર લુંટી લેતા ને તેને મારતા પછી વૈષ્ણવોએ શ્રીજીનું નામ લઈને કહ્યું તે એક બંગાલીએ હા પાડી અને પ્રતિજ્ઞા કરાવી કે મારૂ નામ લેશો નહી પછી તેને આપી તે શ્રીજી કને લાવ્યા ને આપી તે શ્રી હસ્તે જેના જેના કંઠમા માલા દેખી નહી તેઓને પોતે પહેરાવી અને શીખામણ દીધી કે તુમ સુખેન પહેરો ઓર કછુએ તુમ મતિ ડરો તુમતો હમારે પીછે હો સોચ કાહેકુ કરો નાહી સુખેનસુ નિડર નિસંકોચે પહેરો આ વાત સંન્યાસી સાંભળીને પ્રજલ્યો અને ક્રોધવસ કહેવા લાગ્યો કે આ જુગમાં મારો બોલ ઉપર થાવાનો નથી જેને ઉતારી તેને પાછી પહેરાવી ત્યારે.

કોટવાલે શ્રીજીને કહ્યું : ઉન બાબાજી પેં ચલો.

જવાબ : મેં ચલુ નાહી. મેં આયો તેરી લાજકુ પછી કોટવાલ સંન્યાસીને કહે છે ગોકુલનાથ આયે હે જો તેરે કહેનો હોવે સો ઉનસે બાત કર ત્યારે.

સંન્યાસી કોટવાલને કહે છે : કુટિલ ખીજ્યો અને કહ્યું મેં તને કયારે કહ્યું હતું કે તું મારી પાસે એહોને લાવજે. એહોની માલા ઉતારવાનું કહ્યું હતું હવે એહોને સમજાવીને તું માલા ઉતાર મારી પાસે લાવીશ નાહી.



એના મનમાં કે બારોબાર કામ કરે પરંતુ શ્રીજીના સ્વરૂપનો પ્રતાપ બળ જોઇને સામુ જોવાની કોઇની હિંમત ચાલે નાહી શ્રીજીને દેખતાં જ તેની દુષ્ટતા ટળી જાય અને સનમુખતા થાય કોટવાલ દિગમૂઢ બની ગયો પછી કોટવાલ જેમ તેમ, શ્રીજી પાસે આવીને ઉભો રહ્યો અને જથારત વાત કરી સંન્યાસીનું માઠુ બોલવા લાગ્યો ફરી કોટવાલ સંન્યાસી પાસે જાય છે સંન્યાસી કોટવાલને પુછે છે તેમની માલા ઉતરાવી કે નાહી ત્યારે કહે છે એમની માલા ઉતરાવવાની મારી કુદરત નથી હમ કોણ જે ઈનકી માલા સામુ જોઈ શકીએ એ મહાપુરુષ છે. કોટવાલનું આવુ વચન સાંભળી સંન્યાસી પ્રજલ્યો ઘણું, પછી જાદવરાય કંબોં એ સંન્યાસીની ગુફા આગળ બાદશાહના હુકમથી ચોકી કરતો હતો તેને સંન્યાસી શ્રીજી પાસે મોકલે છે તેણે આવીને શ્રીજીને કહ્યું મહારાજ અતિ હઠ છોડીએ એક વાર ઈનકે કહે માલા ઉતારીએ જો ભલો ચાહો તો.

જવાબ : શ્રીજીએ તિરસ્કાર કરીને કહ્યું એસી મોંહતે કછુ નાહી કાઢીએ. તુમ વેગ ઉનપે જાવ વે તુમેરો બુરો માનેંગે. હમારી કછુ મતી કહો હમ જાનેંગે સોઇ કરેંગે એ સાંભળી ખીસીઆઈને ચાલ્યો ગયો ફરો.

**સંન્યાસી સકદારને મોકલે છે** : નાથજી એક બેર તહાં પધારીએ જુઓ જે તે શું કહે છે વિનતી હમારી અવધારીએ.

શ્રીજીનો જવાબ : જે હમકો વે કાહા કહેંગે, પ્રગણા કમાયો નાહી હે. હમ ચોધરી નાહી હે કે જમીન જોતી નાહી હે જો હમકો ઇનકો ડર લગે મેં ઉત્તર દેઉંગે દેશાધિપતિ પે જાય કે એ કોણ કુકર મેં ઉનકી પાસ જાઉં મેં આયો તેરી લાજકુ એ વિરકત હમ ગ્રહસ્થ હે વહાં હમ કોન કાજ જાવે એ કોણ કુકર જે હમારી માલા ઉતરાવે તે સમયે ગુણ સાગર કવી અને ગોકુલદાસ, રાય ગોપાલ આનંદદાસ, પદમસી શાહ, એહોએ પ્રભુના વચનનુ અનુમોદન કરી કહ્યું. હાં રાજ, હાં રાજ, એમ કહીને સત્ય, સત્ય એ કોણ જે રાજ શું કંઈ કહી શકે, ઉત્તર દઈશું વહ જાય કે પણ માલા કેમ ઉતારીએ એ કોણ જે રાજસુ કહે શકે શ્રીજી ગાઢ ઉચ્ચારે બોલતા હતા તે ચીદ્રુપ ગુફામાંથી સાંભળતો હતો એ સાંભળીને કહેવા લાગ્યો આ જુગમાં મારો બોલ ઉપર થાવાનો નથી ગોકુલનાથ કોઇનું માનેગા નહી એમ કરતાં નિસા થઈ પછી સંન્યાસી વચીષ્ઠને મોકલે છે જાવ સમજાવો.

વચીષ્ઠ પાંચજણ આવીને શ્રીજી સું કહે રાજ વિનતી હમારી માનીઓ એક બેર રાજ માલા ઉતારીએ પછી ગોકુલ જઈને પહેરજો.

જવાબ : શ્રીજી કહે ભઇ હે એસી જો આજ હમ એસી કરે.

વચનામૃત : કપટ ધર્મ હમારે હે નાહી જથારથ



હમ આચરે જો આદિ અંગીકૃત કરી કેસે અબ ઉતારીએ સત્ય સંકલ્પ ટેક હે હમારો ઉતારે નાહી ઉતારીએ મર્યાદા થિરૂ અચલ વ્રત ટેક હમારો મારગ રક્ષક ધર્મ ધુરંધર બોલીઆ યહ હે હમારો સત્ય સંકલ્પ માલા કબહુ ન ઉતારીએ.

વચીષ્ઠ : શ્રીજી શું કહે જો તમોએ મનમાં નિશ્ચય આપથી કર્યો છે પણ તમારા બાલક કુટુંબ સર્વે દુઃખ પામશે પાદશાહનો હુકમ છે ને સંન્યાસી હઠે ચઢયો છે રાજ એટલી વાતે એવડુ સુ છે એક વાર માલા ઉતારને કી હા કીજીએ.

જવાબ : શ્રીજી ધિર્યાધિપતિ એમ બોલીઆ ભગવદ ઇચ્છાથે હોની હોએગી. પેં તુમ કહત હો એ બાત સો તો કબહુ ન હોએગી. માલા કબહુ હમ ન ઉતારીએ ન સુખસે કહે આપ એસી બાત સુખસે ન નીકાલીએ.

આ સાંભળી વચીષ્ટ ફરી ગયા, હવે કોટવાલ સંન્યાસીને કહે છે.

રાત પડી છે ગોકુલનાથજીને કહો વહાં ડેરા કરાવીએ.

સંન્યાસી કોટવાલને કહે છે ડેરાની વાત હું શું જાણું. જે લેઈ આવ્યો છે તે જાણે. હું શાને કહું ત્યારે ચતુરભુજ ચોબો બોલ્યો લાવનારો શું કરે આજ ડેરો કરશે હમારા ઘરે.

શ્રીજી ચતુરભુજ ચોબાને ઘરે પધાર્યા ચોબો કહે.

રાજ રાજ ભલો ભલો ભાગ્ય હમારો સુફલ જન્મ થયો હમારો જે રાજ પધારી પાવન કર્યા હમને. ત્યારે સકદાર અને કોટવાલ બોલ્યા તમો રાખજો રાજ રીતસુ દુઃખ ન પાવે લગાર અને પાંચીયાને સાથે થયા પ્યાદાઓ પણ સાથે થયા ત્યારે ચોબાજી કહે વહાં તમારો કાહાકાજ હે જાઓ તમારૂ નથી હવે કાજ એ ચોબાએ કોરૂ વસ્ત્ર આપ્યુ કોરૂ પાત્ર આપ્યું પછી ઉષ્ણોદક જલે સ્નાન કર્યું સ્નાન કરી સંધ્યા કરી તે સમયે નૌતન ધોતી જોઇએ તે હતી નહી તે ગામમાં જોયુ પણ કંઇ મલી નહી ગામમાં હડતાલ ધર્મ રક્ષકનો પક્ષ કરી કોઇએ દુકાનો ખોલી ન હતી પછી જેમ તેમ ખાસો મલમલ લાવી તેની ધોતી ઉપરણો અંગ વસ્ત્ર કર્યું ત્યાં પદમસી શાહ શ્રીજીને પાઘ બંધાવા લાગ્યા તે શ્રીજીએ ના પાડીને કહ્યું રોષમાં મેં પાઘ તબ બાંધુંગો જબ પાદશાહ પેં ચલુંગો તબ બાંધુંગો ત્યારે ઘણા ઘણા કાલાવાલા કરી જેમ તેમ પાઘ બંધાવી છે પછી સર્વે ભટ્ટોને પેંડા કરવા અપાવ્યા વૈષ્ણવોને કહ્યુ જાવ પ્રસાદ લો પોતે શ્રીજી તબકડીએ વારૂ કરવા પધાર્યા પછે આનંદ ભેર ઔષદ લઈને આનંદે પોઢીઆ નિંદ્રા કરીને જાગીઆ પછી રાત્રીના સર્વે સમાચાર અહીંના લઈને ગોકુલ શ્રી ગોપાલ પાસે મોકલ્યા. ગોકુલનુ વર્ણુંન રાત્રે સર્વે કલેશમાં વ્યતિત કરી કોઇને નિંદ્રા આવી નહી. પહેલે દીવસે જે જઈ શકયા નથી તે સવારે ઉઠી ઉઠીને મથુરા ચાલવા માંડયુ તે સઘળા મથુરા આવી શ્રીમુખ જોઈ પ્રસન્ન થયા શ્રીજીની પ્રસન્નતાએ



સર્વેનું સમાધાન કર્યું. પ્રાતઃ શ્રીજીએ પાત્ર ગડુઆ લઈને મુક્તાસમાં દંત ધાવન કરવા જણાવ્યુ ત્યારે વૈષ્ણવોએ બહાર જવા ના પાડી રાજ હમને અવિશ્વાસ આવે છે પેલો રખે કંઈ જંજાળ ઉભી કરે માટે રાજ અમે અહીં જ દંત ધાવન કરીએ અમને ભય ઉપજે છે ત્યારે શ્રીજી બોલ્યા એ હમારો કાહા કરેંગે, આપ ભય હરણ ભકતાશય નિસંકોચે બાહેર દંત ધાવન કો પધાર્યા એ ભૂમિનુ ભાગ્ય વિશદ થાયે નહી. જયાં દંત ધાવન કર્યું ત્યાંની મૃતિકાએ ભૂમિની સર્વ કોને પહાંચી નહી એ ભૂમીની રજનું ચર્ણામૃત લેવા અનંત ભીડ જુડી હતી તે પણ ચર્ણામૃત સર્વને પહાંચ્યુ નહી એટલી સમૃદ્ધ ધર્મ માટે જુડી હતી પછી આપ ડેરે પધાર્યા.

સંન્યાસીએ ત્રીજીવાર વચીષ્ઠને પાછા મોકલ્યા જઇને જાવ સમજાવીને શ્યામ, દામ, દંડ, ભેદે કરીને કહો તે શ્રીજીને કહેવા લાગ્યા ત્યારે.

**કૃષ્ણરાય ભાણેજ** : પોતાના ભાવ બળે વાત્સલ્યતા વિચારીને હીત સમજી શ્રીજીને કહે છે હજુ આપે વિચાર મનનો કર્યો છે અને ફરી વિચારી જુઓ આ સાંભળી શ્રીજી તડકીને બોલ્યા કહો તુમ કાહા કરવાવત હો આજથી એસી બાત હમસુ આયકે કોઉ મતિ કરો જો ડરો સો અપને ઘરે જાવ અપને યહાં કોઉ મતિ રહો જાવ.

**મધ્યવર્તિ વચીષ્ટ** : શ્રીજીને કહી કહીને હાર્યા

પછી સંન્યાસી કને જાય છે અને કહે છે કે હમો હાર્યા હમારૂ અપમાન થયુ છે ગોકુલનાથજી એ કબહુ મલા ઉતારેંગે નાહી કોઉ કીતનો હું બળ કરેંગે વે માલા ઉતારેંગે નાહી.

**સંન્યાસી કહે છે :** હજુ એકવાર જઈને જુઓ માલા ઉતારતે હે કે નાહી જો એટલુ કહે માલા જો નહી ઉતારે તો હું મારા મન માનતુ કરીશ જુઓ શું કહે છે પછી હાકમને કહીને જબરન માલા ઉતરાવીશ.

**ચોથીવાર વચીષ્ઠ : શ્રીજી કને** આવે છે રાજ મહારાજ સંન્યાસી હઠે ચઢયો છે જે મહારાજ વાત ગળે લાગી છે તો એકવાર કહો જે નહી પહેરીએ અને તેનુ માન રાખીએ કુદંડી ઘણું જ કોપાયમાન થયો છે આ છેલ્લી વાર કહાવ્યું છે એકવાર મુખ થકી કહો કે નહી પહેરીએ ઉતારીસુ આ વાત માધવદાસ ખવાસે સાંભળી સર્વે વૈષ્ણવો ઘણું જ અકુલાયા ત્યારે.

**શ્રીજી વૈષ્ણુવોને સંબોધે છે :** ધીરજ ધરો અરે તુમ આગે તે આગે કયું અકુલાત હો, મોહીસુ કોઇ કછુ કહે ત્યારે જાનીએ સો કીજીઓ દેખો જો ઈચ્છા કેસી હે ચિંતા નાહી તુમ સબ ધિરજ ધરો ઓર ધર્મથે ટલો નાહી તુમ નાહીલો કોઉ બોલો મતી ધીરજ રાખી રહો આ રીતે શ્રીજી વૈષ્ણુવોનું સમાધાન કરે છે.



વાચષ્ઠ મધ્યવર્તિ પાછા જાય છે. જે વીચારથી આવ્યા હતા તે મનનું મનમાં રહી ગયું કાંઇ બોલી શકયા નહી એવો પ્રતાપ ઉગ્ર દેખીને વચીષ્ઠ કાંપવા લાગ્યા તે સંન્યાસીને કહેવા લાગ્યા ઉતપાત હમણાં વિપરીત થશે તું તેનો ઉત્તર લઈને શું કરીશ.

સંન્યાસી ભીક્ષા લઇ ખાઇને આવ્યો હતો તે સર્વે લોકને અધર્મિ અધર્મિ કહીને ફીટકાર સૌ કો કહેવા લાગ્યા. ફીટ મહાપાપી સંન્યાસી થઈ એ વીકૃત આચરી ગોકુલનાથ ગુંસાઈએ જલપાન કર્યું નથી ને તેં દુર્જર પેટ ભર્યું નગરમાં હાં શ્રીજી માટે હાહાકાર થૈ રહ્યો છે સર્વત્ર ત્રાસ ત્રાસ પોકારી રહ્યા છે નગરમાં મલેચ્છ પર્યન્ત કોઇએ જલ પાન કર્યું નથી કસાઈ ભઠીઆરા કોઇએ ચુલે અગ્નિ સળગાવ્યો નથી. ધર્મનો કલેશે સૌ કોઇને મનમાં ત્રાસ થયો છે એવામાં તું બ્રહ્મ રાક્ષસ ખાઈને આવ્યો ફીટ ભૂંડા ફીટ સંન્યાસી.

**સંન્યાસી વચીષ્ઠને પુછે છે :** તું ઉત્તર લઈને શું કરીશ મનુષ્ય ત્રણ સહસ્ત્રનું હમણાં ખુન થશે હથીઆર સૌના હાથમાં છે ધર્મનું પણ રાખવા જુડી છે સમૃદ્ધ ઘણી તને પાદશાહ પુછશે ત્યારે તુ શું ઉત્તર આપીશ એવા વચીષ્ઠથી સમાચાર સાંભળીને સંન્યાસી ડર્યો બીન્યો કહે નારાયણ નારાયણ કહીને કહ્યું હું તો કંઇ કહેતો નથી જાવો જઈને તેડી લાવો સમાધાન કરૂ એહો તણું.

**વળતાં વચિષ્ઠ શ્રીજી કને આવે છે :** કહ્યું મહારાજ આપ ગોકુલ પધારીએ પણ હમારૂ કહ્યું માની લીજીએ સંન્યાસીની ગુફા આગળ થઇને રાજ પધારીએ પછે ગોકુલસુ સુખેન પધારીએ એ વિનતી રાજ માની લીજીએ.

**શ્રીજીને જવાબ :** જબ આવતે તબ આવતે અબ હમારો આપનો કાહા કાજહે ઈનને ઇનકી કૃત્ય કીની સબ અપને મન ભાવતે કર્તવ્ય જો ઇનકો હતો સો સબેકીનો અબ હમારો આયવેકો કાહા કાજ કાહાયકુ વહાં જઈએ હમ ઈનકી પાસ કબહુ આવેંગે નાહી.

**વચિષ્ઠની વિનતી :** એકવાર રાજ હમારી વિનતી માની પધારીએ ત્યારે શ્રીજીએ કહ્યું અવશ્ય હાં ચલીએ ત્યારે વૈષ્ણવોએ સાંભળ્યુ ત્યારે કહે છે કે દેખીઓ લે જાત હો યા બાતકી લાજહે તુજે ત્યારે ચતુરભુજ ચોબો બોલ્યો ભૈયા મેરો એહી કાજ હે દેખીઓ મેરે ઘરતે લે જાત હો ઔર કબહુ ભલી બુરી હોવે તો તુ સમજીઓ યહાં મથુરીઆ ચાર સહસ્ત્ર હે અરૂ કુંજીવાકીતો કાહા ચલી ઇતનેકી હત્યા લગેગી દેખીઓ તુ મનમાં વીચારીઓ લેતો જાતે હો ત્યારે વચીષ્ઠ કાનમાં લાગીને ચોબાને કહે છે કે વૈ ડરે હે દેખે કાહા.

શ્રીજી સંન્યાસીની ગુફામાં પધારે છે ત્યારે ત્યાં ગંધાક્ષત થાલી લઈને એક સૌભાગ્યવંતી સામી મળી સમૃદ્ધ દસથી બારા હજારની સાથે શ્રીજી સંન્યાસી પાસે



જાય છે તે સમયે નગરવાસી વૈરાગી, રાજસી આસ્તીક, ભદ્ર બ્રાહ્મણ વૈષ્ણવો સર્વના હાથમાં હથીઆર કોઈના હાથમાં પાલા કોઇના હાથમાં કટારી કોઇના હાથમાં તલવાર લેઈ લેઈને પ્રભુજીની સાથે જાય છે શ્રીજી સંન્યાસીની ગુફા આગળ આવી ઉભા રહ્યા. સંન્યાસીએ જાદવરાય કંભા સાથે કહેવડાવ્યું કે એકલા ગોકુલનાથ આવે. જાદવરાયે શ્રીજીને કહ્યું રાજ મહારાજ આપકુ એકલા ભીતર જાવાની આજ્ઞા છે તો રાજ વૈષ્ણવોને આજ્ઞા કરો કે જે એક ક્ષણું ધિરજ ધરો અને બાહેર ઉભા રહો ત્યારે શ્રીજીએ કહ્યુ મેં કહુંગો પેં કોઇ માનેંગે નાહી શ્રીજીએ આજ્ઞા કરી પેં એકલા કોઈ જાવા દે નાહી ત્યારે શ્રીજી જાદવરાયને કહે છે મેં નિકટ થેં કાહુ જાત હુ તબ અનેક વૈષ્ણવ મેરે સાથ રહત હે તો આવે સમયે મને એકલા કેમ જાવા દે મેં આગે આગે ચલત હું રાખો જો તમારે કહે રહે તો રાખો પછે પ્યાદાઓએ રોકવા માંડયા ત્યારે તેની જ તલવાર લેઇને તેમને મારી મારીને સાથે થયા મોટા ભાઇએ વાડો કાપીને જવાનો રસ્તો કર્યો ઘોડા આગળ કર્યો તો તેઓને મારીને સાથે ગયા એમ ક્રોધ કરી સર્વકો ભીતર શ્રીજી પાસે જઈ પહોંચ્યા બાહેર કોલાહલ ઘણો જ થઈ રહ્યો હતો તે સંન્યાસી ગુફામાંથી સાંભળતો હતો તે કહેવા લાગ્યો કે શોર શાનો થાય છે તે શુદ્ધિ ભુલી જઇ કાંપવા લાગ્યો ત્યારે ત્યાં હરદાસભાઈએ કહ્યું તુ ગુફામાં બેસી રહ્યો છું બાહેર માણસોનું ખુન થાય છે તે ભય પામીને ગોકુલનાથને

વળગી હાથ સાહી બાહેર ટીલે આવીને ઉભો રહ્યો. શ્રીજી ટીલે ઉભા છે ત્યાં સર્વ કો દર્શન કરી ગાઢે ઉચ્ચારે જય જય શબ્દ કહેવા લાગ્યા. સંન્યાસી બોલ્યો નારાયણ નારાયણ કહીને કહ્યું તમો અહીં શાને આવ્યા છો મેં તમોને તેડ્યા નથી સકદાર કુટણીનો તમોને અહીં તેડી લાવ્યો. ત્યારે વિઠ્ઠલ ભટ્ટ બોલ્યા શ્રીપાત તેં તેડયા નથી તો અહીં આટલો પરિશ્રમ કરી શા કારણે આવ્યા ત્રત્રીઅ પહોર થઇ ગયો છે જલપાન કર્યું નથી અહીં પધારવાનું શું પ્રયોજન સંન્યાસીએ તેના સામુ જોઈને પુછયું આ બ્રાહ્મણ કોણ છે ત્યારે કોઈ કે કહ્યુ એની નાતના દક્ષણાયત બ્રાહ્મણ છે પછી શ્રીજીની સ્તુતી કરવા લાગ્યો તમોને કોણે તેડ્યા તે જાણ્યું નહી હું જાણતો તો તમારાથી એમ કાં કરતે શા માટે આવ્યા છો તે હું જાણતો જ નથી એમ કહીને નારાયણ નારાયણ ભલા ભલા ત્યારે.

શ્રીજી સંન્યાસીને વ્યંગ વચને મારે છે. સંસાર છોડયો તે બીજાની ભલી બુરી એ કયું કરે એહને ઓર કો કાહા પડી હે વિરકત સંસાર છોડી બન્યો તે તો સમાધીમાં મસ્ત રહે આમ વચન સહસ્ગે કરી દંડ દીધો શ્રીજી વિદાય થાય છે ત્યારે બાર હજાર મનુષ્યોએ શ્રીજીના નામનો ઉચ્ચાર કરી જૈ જૈ કાર કર્યો. આ ધર્મનો આનંદીત શબ્દ ચૌદ લોકમાં વિસ્તર્યો આ પ્રતાપ જોઇ સંન્યાસી પ્રજલ્યો. આ જુઓ ભાઈ જુઓ ભાઇ મારી આગલ મારા માથા ઉપર એમનુ નામ લેઈ ઉચ્ચરે છે તે તેને અસહ્ય થયુ પછી



ગોકુલ વધાઈ ગઈ આપ સર્વ નગરવાસીને વિદાય કર્યા અને કહ્યું તુમ બહોત દુઃખ પાયા જાવ અબ સબે પ્રસાદ લો અબ કોઈ બાતકો ડર નાહી સુખેન સુઈ જાવ આમ સર્વનું સમાધાન કરી વીદાય કરે છે ખેતવાલાને પ્યાદાઓને બીજા ભીક્ષુકોને દાન દક્ષણા આપી સંતોષ્યા પછી શ્રીજી દીવીઓના પ્રકાશે ત્યાંથી શ્રીમદ ગોકુલ વિજય કરે છે સાથે સર્વે ભટ્ટ ભાણેજ વૈષ્ણવોને સાથે લેઈ પધારે છે મથુરાથી ગોકુલ સુધી એક બાર થઈ રહ્યું પ્રભુજીનો પ્રતાપ અનુભવી સર્વે મોદ સહીત જૈ જૈ કાર કરતા ચાલે છે શ્રી યમુનાજી પાર ઉતર્યા શ્રીજી જસોદા ઘાટે થઈ પાધરા શ્રીનાથજી મંદીરમાં પધાર્યા કે તરત જ શ્રી ગોપાલે સેન આરતી ઉઠાવી ત્યારે શ્રીજીએ પુછયુ આજ અવેર કયું ભઈ ત્યારે શ્રી ગોપાલ કહે ના હજુ આરતી કી એહી સમય હે આરતી કરી શ્રીજી બાહેર પધારે છે એટલામાં જયદેવજી આગ્રેથી લશ્કરખાનનું લખાણ મથુરાના હાકમ ઉપરનું લાવે છે.

**પત્ર લશ્કરખાનનું મથુરા :** એ બડે હે તુમ સમજ કે ચલીઓ તુમારો ભલો ચાહો તો ઇનસુ કછુ મતિ કહીઓ તુમ સંન્યાસી કે કહે ઈનકુ કછુ દુઃખ નાહી દેના સમજ સોચ કે ચલીઓ એ જોઇને જયદેવજી ઉપર શ્રીજી ઘણું જ પ્રસન્ન થયા અને એમની સેવા માની લીધી.

પછી શ્રીજી શ્રી ગોપાલને કહે છે, મેરે મનમે યું આયો હે. જો મેરી સંગમે થે વાકો પ્રસાદ લેનકુ બોલાઇએ.

ત્યારે શ્રી ગોપાલ શ્રીજીને કહે છે. હાંજી અવશ્ય બુલાઇએ. પ્રસાદ કી તો નિધિ હે રાજભોગ કે સમયકે અરૂ અબ હીકો સબ સીદ્ધ હે શ્રીજીએ કહ્યું યેં નાહી ભીતર જાય કે પુછો સનમુખ વહુજી ઉભાં હતાં શ્રીજીએ મુસકાઈને પુછ્યું માનદેઈ વહુજીએ પ્રસન્ન થઈ કહ્યું બહોત સામગ્રી હે આપકી ઈચ્છા આવે ઇનકુ પ્રસાદ લેનકુ બોલાઇએ અવશ્ય એમ કહીને વહુજીએ ભાતના હાંડ ચઢાવ્યા અને ભંડારથી પ્રસાદ અણાવ્યો પછી સ્નાન સંધ્યા કરી ગોકુલ મથુરાના વૈષ્ણવોને કહ્યું પછી કરૂણા કરીને કહ્યું જે અબતો કછુ સંદેહ રહ્યો નાહી એમ કહીને આપ ભોજનને પધાર્યા કુટુંબ જુત ભોજન કર્યુ શ્રીજી વીના ગોકુલમાં કોઈએ જલપાન કર્યું ન હતું.

શ્રી મુખથી કહ્યું જેહ હમારે રૂકમા બેટી તાદીના વરસ ચારકી હતી પેં હમ વિના જલપાન કર્યું નહી એહે પ્રકારે ભોજન કરી બીડુ આરોગી શ્રી બેઠકે પધાર્યા.

શ્રી મહાપ્રભુનો પ્રતાપ જોઈને સંન્યાસી ચીદ્રુપ ખીસીઆઈને ક્રોધવશ સેરખાન અને સકદાર બેઉ જણને બોલાવીને કહ્યું જે તમારૂ એહો સાથે કંઈ ચાલ્યુ નહી. ત્યારે સેરખાન ફોજદાર કહે છે જાણીને હમો એહો સાથે અન્યાય કેમ કરીએ. હમારી તાકાત નથી કે એ મહાપુરુષના સામુ જોઇ શકીએ. જો તમારાથી ના થાય તો હુ પાદશાહને કાશ્મીર લખુ ત્યારે



સકદાર કહે સુખે લખો હમો એહો સાથે અન્યાય નહી કરીએ પછી સંન્યાસીએ મહેજર કર્યું.

પંચ તેડાવી લખી પાદશાહ કને મોહર લગાવીને મોકલે છે. સ્વામી સેવક સહુએ માલા ઉતારી છે એક ગોકુલનાથ ગુંસાઈ માલા ઉતારતા નથી એ ઘણા જોરાવર છે કોઈનુ કહેવુ માનતા નથી આ રીતે મહેજર ઉપર સર્વની સાક્ષી મતો કરાવીને કાજીને કહે છે મહોર મારો ત્યારે કાજી કહે સમજ સોચ કે કરૂંગા પછી કાજી શ્રીજી કને આવે છે સંન્યાસી મને મહોર કરવાનુ કહે છે.

શ્રીજી બોલ્યા : ઉનમે અનુચિત કાહા હે જેસી દેખી તેસી લીખી હે જીનને માલા ઉતારી સોહીલીખી હે હમને નાહી ઉતારી નાહી લીખી હે મીથ્યા હોવે સો ન કીજીએ નિર્ધક મને સુખેનસુ મહોર કરો અરૂ સાક્ષી કરો.

પછી પોતે સંન્યાસી એક પત્ર બાદશાહને જુદુ લખે છે. શ્રી ગોકુલનાથજી માલા ના ઉતારે તો એહોનાં ઘરાં છોડાવજો માલા ઉતારસે પે ઘર નાહી છોડે એ ઘણી સંપત્તી વૈભવવાન છે. છોટી બડી પાદશાહી છે એ ઘર નાહી છોડસે માલા ઉતારસે માટે એહોને ઘર છોડવાનું કહેશો એટલે માલા ઉતારસે ઘર નાહી છોડસે. આ મહેજર સંવત ૧૬૭૯ ના વૈશાખ વદી ત્રયોદસી એક અમીર રવાના થાય છે તે મહેજર કાશ્મીરમાં જ્યાં આસફખાન બેઠા છે ત્યાં તેઓના હાથમાં કાસદે આપ્યું મહેજર જોઇને આસફખાને માથુ ધુણાવ્યું અને કહેવા લાગ્યા અબ બાજી બીગડી મહેજર

ઉપર બડાભાઇનું પ્રથમ મતુ દેખ્યુ ત્યારે આસફખાન ઇતિબાર-ખાનને કહે છે ઓર સંપ્રદાય તો ઈનથે ભિન્ન હે તે ખાન ચિંતા કરવા લાગ્યા કહે અબ કાહા હોએગી ત્યારે ખાને મહેજર લઇને દબાવી દીધુ પાદશાહને આપ્યુ નહી તે બુલાખીએ જાણ્યું કે મહેજર દેખાડ્યુ નથી એક દીવસે પાદશાહ દરબારમાં બેઠા હતા ત્યાં જ ભાઈ ખાઇને બોલ્યા બહોત દીના હુઆ બાબાજીકા કોઇ સમાચાર હમ પાયે નાહી ત્યારે ત્યાં બુલાખીએ કહ્યું પાદશાહ હજુર બહોત દીના હુઆ બાબાજીકા સમાચાર તો આયે હે પેં આપકુ દીખાયા નાહી હે ત્યારે પાદશાહે મામુજી કહીને પુછ્યુ ત્યારે આસફખાન કહે એણે સમયે આપ પ્રસન્ન નાહી હતે એવો ઉત્તર કર્યો ત્યારે પાદશાહ કહે અબતો મેં પ્રસન્ન હું વે લીખા વેગે મંગાઈઓ ખાને ઇતિબાર-ખાનને સમજાવીને કહ્યું પછી તે મહેજર ઇતિબારખાનને આપ્યું તે લેઈને એણે દેશાધિપતિના હાથમાં આપ્યું અને કહ્યું હજરત આપ પ્રસન્ન નહી હતે તાતે મેંને આપકુ દીયો ન હતો ત્યારે પાદશાહ કહે અબતો મેં પ્રસન્ન હું એમ કહીને લીધુ વાંચી જોઇને મનમાં ઘણું ખુણસાઇને કહ્યું બાબાજીકા કહ્યા ગોકુલનાથ ગુંસાઈને માન્યા નાહી તરત જ હુકમ સંભળાવ્યો.

જહાંગીર હુકમ : અબહી મનુષ્ય પાઠવો શ્રી ગોકુલનાથ ગુંસાઈકો વેગે અહીં બોલાઈ મંગાવો વાહીકો આજ અબહી લીખ પાઠવો.



આસફખાન પાદશાહને કહે છે કાયકુ મનુષ્ય પઠવીએ આગ્રા હાકમ લશ્કરખાનને લીખ બોલાઈએ હાં હાં તો અબ વેગ લીખ દો વેગ શ્રી ગોકુલનાથ ગુંસાઇકો લીખ પાઠવો આસફખાન ઘેર આવીને રાય મુકુન્દદાસને તુરત બોલાવીને કહ્યું તુ લીખ ગોકુલનાથકુ વેગે આ પત્ર દેખીકે તુરત આવે એમ લખીને તરત જ મનુષ્ય રવાના કરો. રાય મુકુન્દદાસે રાયના કટક ચોધરી પરવત કરોઠાને ઘરે બોલાવી સમજાવીને કહ્યું કે શ્રી ગોકુલનાથ ગુંસાઇજી તુમ વેગ પધારો ચિંતા કસી કરની નાહી તમો આવજો આનંદ મઈ ચીંતા નહી. આ પત્ર વેગે પરવત કરોડા કાશ્મીરથી શ્રીમદ ગોકુલ શ્રીજી પાસે આવે છે તે શ્રીજીએ વાંચ્યું.

પત્ર સંવત ૧૬૭૭ ના વૃજ શ્રાવણ વદી અષ્ટમીએ શ્રી ગોકુલનાથજીને પહોંચ્યુ. ઉથાપન સમયે પ્રભુજીએ વાંચ્યું.

શ્રીજી તરત પરિવાર સહીત એકાન્તમાં બેસી સર્વને હકીકત કહી અને પોતાનો વિચાર જણાવ્યો ચલનો તો આવશ્યક ભયો. એવામાં આપ બાહેર જગમોહનમાં પધારે છે ત્યાં કીર્તનીઆએ પદ ગાયુ. અબ ડર કોન કો રે ભૈયા. આ પદ શ્રીજીએ સાંભળીને તુલસીને પોતાના ઉપરણે ગાંઠ બાંધી હસીને કહ્યું ભગવદ ઇચ્છાથે સુચન કાર્ય સાધન સાધ્ય માન્યુ તરત જ જોષીને બોલાવ્યો ને મહુરત પુછાવ્યુ. મહુરત ઘણા દીવસનું આવતુ જાણી પોતે સીવા લીખીત

અમૃત ઘટીકા શ્રાવણ વદી ૯ નવમીએ પાછલી ઘડી દીવસ ત્રણ રહે ઉત્તમ મહુરત પોતે લીધું અને સર્વને સામાન સીદ્ધ કરવા જણાવ્યુ. પોતે ભીતર જઈ વહુજીનું સમાધાન કરે છે સેવામાં ડેર અવેર હોવે નહી સેવામાં સાવધાનથી દાર્યથી કરવી યહાં કે વૈષ્ણુવોકો અરૂ પરદેશથી જે વૈષ્ણવ આવે તાકો નીકે કરી સમાધાન કરનો. ચિંતા કછુ કરની નાહી મેં વેગ આઉંગો ફક્ત જાનો માત્ર હે જહાં તુમ વહાં મે હું એમ સમાધાન કરી બાહેર પધારી શ્રી ગોપાલ વિઠ્ઠલરાયજીનું સમાધાન કરે છે આપકી ઓરસે મેં નિશ્ચિંત હું સેવા સહુ સાવધાની સુ કરની ધૈર્ય બાંધી રહેવું. મારી દીસથી કોઉ પ્રકારની ચિંતા કરની નાહી મેં વેગ આઉંગો એમ કહી શ્રીનાથજીને હિંડોલે ઝૂલાવી સેવ્ય સ્વરૂપથી વિદાય થાય છે અને કટિએ શાલીગ્રામ બાંધી નમન કરી પધારે છે ત્યારે વિઠ્ઠલ રાયજી તેમજ શ્રી ગોપાલ ગદગદ થઇ ગયા ત્યારે શ્રીજીએ શ્રી હસ્ત એમને માથે મુકી આશીર્વાદ દઈને વાત્સલતા સહેત શ્રી મુખપર હસ્ત ફેરવી ધૈર્ય રાખનો અરૂ સબનકો કહેનો કોઉ બાતકી ચિંતા અંશ માત્ર ન કરે મે વેગ આઉંગો ચિંતા નાહી કરની.

તે કશ્મીર પધારે છે તે ગામોનાં નામ તથા કોસનું વર્ણન કરીએ છીએ જે જે મુકામ જ્યાં જ્યાં કરે છે તેનું સંક્ષેપમાં વર્ણન.



પ્રથમ મુકામ–આગ્રા કોસ ૧૮, આમલખેડા કોસ ૧૦, જલેસર કોસ ૯, અકબરાબાદ કોસ ૮, ચંદોસ કોસ ૧૫, ઈદલપુર કોસ ૮, સુરજપુર કોસ ૮, બાદલા કોસ ૫, નરેલા કોસ ૬, દીલ્હી કોસ ૫, સોનપુથ ગુનેર કોસ ૧૦, કરણાબક કોસ ૭, તલાવડી કોસ ૭, થાનેશ્વર કોસ ૮, સરસ્વતી ઉલંઘન કરી ધર્મ માટે વેદમર્યાદાનો ત્યાગ કરી પધારે છે, શાહ-બાદ કોસ ૧૦, કોટકછડા કોસ ૬, અંબાલા કોસ ૫, ઘઘરછ કોસ ૬, અલઉસાન કોસ ૭, સીરંધ કોસ ૭, સરાઇ કોસ ૬, શમુની સરાઇ કોસ ૬, પલાયચા કોસ ૫, દહીબાબટાલા કોસ ૧૦, તલવણ કોસ ૬, ઉરગણ કોસ ૮, ટાડા કોસ ૫, મયાલા કોસ ૮, સરાઈનુરમહોલ કોસ ૫, સુલતાનપુર કોસ ૨, યમુના-બાદ કોસ ૧૩, ગોવિંદબાલ કોસ ૪, ગોવિંદબાલમાં શ્રીજીનો મુકામ પડયો ત્યારે પટ્ટીમાં કેસરદેને ખબર પડી તે પોતાના પ્રીય પુત્ર મુરલીને અને ગામના સર્વેને વાજીત્રો સહીત પધરાવવા મોકલ્યા તે ત્યાંથી પટ્ટી કોસ ૨ સામા જઇ શ્રીજીને પધરાવી લાવ્યા. આ કેસરદેએ પૂર્વ કૃષ્ણ લીલામાં સખી હતી તે કારણે શ્રીજીએ જાણીને ચાર મુકામ કર્યા જનમાષ્ટમી અને નંદ મહોત્સવ એમને ઘરે કર્યો તેમના પતી લાહોર ભગવાનદાસ રહેતા હતા તે બીજે દીવસે પટ્ટી આવ્યા અને કહેવા લાગ્યા કે આવી સ્ત્રી મારે ઘરે મારા ભાગ્યનો પાર નથી ઘણું જ પ્રસન્ન થયા તેઓ ઘણા જ સમૃદ્ધવાન હતા તેમણે શ્રીજીનું અને વૈષ્ણવોનું સમાધાન કર્યું છે એમની સેવાનું શું કહીએ.

લાહોર કોસ ૧૩ ત્યાં ઘનશ્યામદાસે પોતાને ઘરે પધરાવ્યા આ પણ પૂર્વ સંબંધી લીલાના હતા તે ત્યાંથી બે દીવસ પ્રભુ રોકાયા છે અને ઘનશ્યામદાસે સુખાસન સમર્પ્યુ છે. સર્વે સાજ સહીત તેને ઉઠાવનાર શ્રીજીએ કહ્યું હમારે મ્લેચ્છ કામ નહી આવે તે સારા ગામમાં શોધ્યા પણ મલ્યા નહીં પછી કહાર સાત મલ્યા. આ પ્રાગટ્યે કહારનો અંગીકાર કરવા શ્રીજીએ આ લીલા આચરી છે. શાસ્ત્રમાં ભોઈનો કહારનો ને પાડાનો અંગીકાર નથી તે આ પ્રાગટ્યે પોતે અંગીકાર કરી જણાવેલ છે. અહીંથી કુલેલાહ કોસ ૭, યમુના બાદ કોસ ૫, ચી માખણુ કોસ ૧૦, ચીન્હાવ નદી કોસ ૬, છોટી ગુજરાત કોસ ૪, ભીમરવારની ઘાટી કોસ ૫ નો ચડાવ, ચીગસ કોસ ૧૬, રાજોર કોસ ૭, થાના કોસ ૮ અહીં જહાંગીર રાજા કશ્મીર જવાની ચોકી તે જવાના માટે પરમીટ મલે છે તે વધુમાં વધુ પચાસ માણસને જવાનું લખ્યું કરાવે છે શ્રીજીએ અહીં પોતાનાં ઘોડા વીગેરે વાહેણીઓ મુકી છે અને સુખપાલમાં શ્રીજી પધારે છે વધુ માણસો અહીં મુકયા છે સાથે સીત્તોર પરીકર તેમજ વૈષ્ણવો અને વૈરાગી ૧૮ સાથે કશ્મીર ગયા છે

રતનપંજાબ કોસ ૬ ની ઘાટી ચઢાવ ઘણી જ વસમી એક પગથીઆની વાટ ઉપર થઇને જવાય તે વૈરાગીઓએ હાથનાં પગથારીઆં કરી ભોઈના હાથ અન્યો અન્ય પકડીને શ્રીજીને વાત્સલ્યતાથી પધરાવેલ છે બ્રહ્મગબ્બા કોસ ૬, પોસાણું કોસ ૬, પીરપંજાબ કોસ ૬, મહંમદકુલીની લાઠી



કોસ ૯, અરાડીભરાડી કોસ ૭, હીરપોર ૪, કોસ રામુની સરાઈ કોસ ૧૦, કશ્મીર કોસ ૧૦, શ્રીમદ ગોકુલથી કશ્મીર પહોંચતા સુધી કુલ કોસ ૪૪૪ દીવસ જવાના ૪૯ કુલગામ ૫૫ મુકામના કશ્મીર મુકામ ૧૧, કશ્મીરથી ગોકુલ પાછા આવવાના ૩૧ દીવસ આમ દીવસ ૪૯ + ૧૧ + ૩૧ કુલ ૯૧ દીવસ આવવા જવાના. પ્રભુ પધાર્યાની વધાઈ કશ્મીરમાં પહોંચી તે સામા વાજીંત્ર સહીત આવેલા વૈષ્ણવોનાં નામ– અનંતદાસ, ગોધુજેરામ, સેઠ બહોદા ચતુરભુજદાસ પ્રહલાદ, મેત્રી, ભગવાનદાસ, જેરામ બહોરા, ધ્યાનદાસ સારંગી, હરિદાસભાઈ, ગોવિંદદાસ, રાયરતનજી વાજીંત્ર સહીત સામા જઈને શ્રીજીને પધરાવી લાવે છે ગોધુ દૂરથી ગાઢે ઉચ્ચારે કરીને કહે છે ચક્રવર્તિ રાજા મહારાજ શ્રી વિઠ્ઠલેશ કુમાર બલીહારીજાઉ વારણાં લેઉ બલાઈઆં લેઉ પછી શ્રીજી એમનું સમાધાન કરે છે આવો આવોની કેહોની કેહો પછી ધ્યાનદાસ સારંગીવાલા દુરથી ઘોડા ઉપરથી કુદી પડયા ઘોડાની સંભાર રહી નહી એમના ઘોડે વૈરાગી ચઢી ગયા કીચમાં લોટતા લોટતા શ્રીજીની સુખપાલ પાસે આવ્યા ત્યારે શ્રીજી કહે ઉઠો ઉઠો વાગો બીગડેગો આવો આવો મેરી પાસ નીકેહો નીકેહો કહી ઘણું જ સમાધાન કર્યું. આ ધ્યાનદાસ જાતે ડુમઈ હતા તે જહાંગીર પાદશાહના નીકટવર્તી સારંગી વાલા નોકર હતા તેઓ શ્રીજીના અનન્ય સુરા ટેકવંત સેવક હતા પછી હરીદાસ તોબર ઘણા રજપુતો સાથે સામા આવે છે તે પણ શ્રીજીના અનન્ય સેવક હતા તે જહાંગીર રાજાના

અંગ રક્ષક હતા તેઓ લોટતા લોટતા સુખપાલ પાસે આવ્યા ત્યારે શ્રીજી કહે ઉઠો ઉઠો વાગો બગડેગો. ત્યારે હરિદાસ કહે આજ શ્રીમુખ જો હમારો વાગો સમર્થો હે બીગડયો નાહી હે પછી સાથે સાથે ચાલે છે ત્યારે શ્રીજી નગરમાં પ્રવેશ કરે છે ત્યારે સીતના પ્રભાવે નાથભાઈ ને ત્યાં મૂર્છા આવી બેશુદ્ધ થયા ત્યારે શ્રીજી પોતાનો ઘોડો ઉભો રાખી ઉપચાર કરાવી ચાર ઘડીએ મૂર્છા ઉતરી શુદ્ધિ આવી ત્યાં સુધી શ્રીજી ઘોડો રાખી ઊભા રહ્યા અને પછી સાથે લઇને પધારે છે આ નાથભાઈ ભરૂચના રામજી શાહના ભાઈ હતા. દાદા નારાયણજીના કાકા થાય છે. તેઓ માટે શ્રીજી પાસેથી ખસ્યા નથી આ ભક્ત વત્સલ્ય પ્રભુ ભક્ત હિતાર્થ આપકો પ્રાગટય હે.

શ્રીજી પધારવાના સમાચાર રાય મુકુન્દદાસને મળ્યા તેઓએ રામરાય કાયસ્થને હુકમ કર્યો કે તમો સામા જઇને શ્રીજીને રાજરીતથી પધરાવી લાવો અને તમારા બાગમાં ડેરો કરાવો તે રાય મુકુન્દદાસે જઈ ને આસફ ખાનને કહ્યું શ્રી ગોકુલનાથજી આયે હે તો આસફખાન કહે છે મેરા નાક રાખ્યો ભલો ભલો કહી ઘણું જ પ્રસંન્ન થયા અને કહ્યું ઇનકો ડેરા દેવાઓ ત્યારે રાય મુકુન્દદાસ કહે હમોએ ડેરા દેવાયો હે રામરાયના બાગમાં ત્યાં નગરનીવાસી રાજનગરી પીતાપુત્ર કલ્યાણજી શાહ અને બેટા પુરસોત્તમદાસ સુદીર પાત્ર ધરાવા અને મખમલની કોમળ ગાદી લાવ્યા ત્યારે વૈષ્ણુવોએ કહ્યું હમણાં રહેવા દો. તે વૈષ્ણુવોએ ના



પાડી ત્યારે શ્રીજી બોલ્યા લાઓ મેરી પાસ મેં આજ ગાદી પર બેઠુંગો કાહા કોઉ મખમલ પર બેઠત નાહી હે કાહા કોઉકો ડર લાગત હે એમ કહી ગાદીએ બીરાજ્યા આ અલૌકીક ભાવ છે સંકેત જણાવે છે શ્રીજીના આશયને કોઈ સમજી શકતુ નથી.

કશ્મીરનગર પ્રવેશ સંવત ૧૬૭૭ના ભાદરવા સુદી તેરસને વાર બુધવાર પાછલો સૂર્ય ઘડી ચાર.

સંગીન દરવાજે રામરાયના બાગમાં પધારી ડેરો કર્યો છે રામરાય અને તેના ભાઇ કમલાપત શ્રીજી પાસે તેઓ સીધો સામગ્રી લાવ્યા અને પાક ચાલતો થયો ફરી રામરાય શ્રીજીને વિનંતી કરે છે કે રાજ રાજ સર્વે વૈષ્ણુવોને આજ્ઞા કરો કે એ આજ અમારી સામગ્રીનો અંગીકાર કરે ત્યારે શ્રીજીએ સર્વે વૈષ્ણુવોને કહ્યું અરે સુને એ રામ રાય કાહા કહત હે રાત ઘણી ગઇ છે પાક થયો નથી તો ખાંડ–ઘી અનંત છે શરો કરો પછી સૌ કોએ આજ્ઞા માની શીરો કર્યો પછી શ્રીજી સ્નાન ઉષ્ણોદસે કરી સંધ્યા કરી ભોજન કરી સુખ સુનિંદ્રા કરી. સર્વે વૈષ્ણુવોએ પ્રસાદ લીધો અને સર્વેએ આરામ કર્યો સુદી તેરસે રાત એમ વ્યતિત થઈ.

ભાદરવા સુદી ૧૪

પ્રાતઃ શ્રીજીનાં દર્શન કરવા ત્યાંનો હાકમ દીવાન કાયસ્થ રાઘવદાસ તેને આવીને શ્રીજીને વિનંતી કરી જે

રાજ મહારાજ અહીંનો અધિષ્ઠાતા દીલાવરખાન છે તેનાથી મલો તો સારૂ વળતાં શ્રીજી તેમને મલ્યા અને કુશલ સમાચાર પૂછ્યા નાથજીની કેહો વળતાં શ્રીજી રાય મુકુંદદાસને મળવા પધાર્યા રાય પ્રસન્ન થઈને કુશલ સમાચાર પૂછ્યા. તુમ બહોત દુઃખ પાયા બીજી બધી વાતો પરસ્પર થઈ પછી રાય ચિંતા કરવા લાગ્યા, રાજ દેશાધિપતિ એક માસનો વાયદો કરી મૃગયાને ગયા છે એવામાં આપ પધાર્યા છો રાજ હવે ક્યારે આવે તે રાય ચિંતા કરવા લાગ્યો ત્યારે શ્રીજી ભૂત ભવિષ્ય વર્તમાનના જ્ઞાતા બોલ્યા ચિંતા નાહી અને કાલ પરસો ફીરકે યહાંઈ આવેંગે પછી તેમજ થયું દેશાધિપતિ બીજે જ દીવસે કોઈ કારણુ વસાત પાછો આવી ગયો ફરી રાયથી વિદાય થઇને ઇતબારખાનને મલવા પધારે છે ઇતબારખાને શ્રીજીનું બહુ સન્માન કરી પૂછ્યું નીકેહો નીકેહો ગુંસાઈ કહીને ઘણું જ પ્રસન્ન થયો પછી આપસમાં ઘણી ઘણી વાતો થઇ એ સાંભળી ઘણું ઘણું જ પ્રસન્ન થઇને કહે છે સાચ કહત હો. ગુંસાઈ પછી આપ ડેરે પધાર્યા.

ભાદરવા સુદી ૧૫ શુક્રવાર :

રાય મુકુન્દદાસની સંમતિથી શ્રીજી આસફખાન દીવાનને મલવા પધારે છે ખાન પ્રસન્નતાસુ હાથ જોડી પોતાના માથે હાથ ધરીને કહે છે જૈ શ્રીકૃષ્ણ જૈ શ્રીકૃષ્ણ નાથજી નીકેહો કહીને ઘણું જ પ્રસન્ન થઈને વારંવાર નીકેહો



નીકેહો કહીને કહે છે કે ભલી ભઇ ભલી ભઈ તુમ યહાં આયે ત્યાં પાદશાહનો કોટવાલ આગાનૂર બેઠો હતો તે બોલ્યો આપ દુઃખ પાયે કહી ઘણી જ પ્રશંસા કરવા લાગ્યો તુમ બડે ઇશ્વર તુમારો યહાં આવનોએ સે નાહી હોત યામે કોઇ બડા કારણુ હે આપ બડે ઇશ્વર આપકા આના એસે હોત નાહી શ્રીજીની ઈશ્વિર્યતાનાં દર્શન થતાં જ પ્રસન્ન થઈ વારંવાર હાથ જોડવા લાગ્યો. ખાને શ્રીજીનો પ્રકાર મથુરામાં દીઠો છે જે પોતાના ધર્મથી ટલસે નહી અને પાદશાહની પેર છે ન્યારી એ બાબાજીકા કહ્યા માનત હે અને ગોકુલનાથ અટલ ટેક ધારી છે પોતાના વચનથી ચલાયમાન નહીં થાય તે ખાન સોચ કરવા લાગ્યો હવે એનું શું થશે તે ચિંતા કરવા લાગ્યો ફરી વીચાર કરી કહ્યું નાથજી આપ એક બેર જો પાદશાહ કહે સો સબ સહીઓ ઓર જો કહે સો હા કહીઓ તુમ ઉત્તર સામે કશો કરશો નાહી મેં હીત વિચારી વાત્સલ્યતાથી કહું છું તે ચિત ધરજો ત્યારે ફરી કહે છે પાદશાહ બાબાજીકા કહ્યા માનત હે વારંવાર ઈનકી પ્રસન્નતા ચાહતા હે વારંવાર સમાચાર પૂછતા હે તાતે તુમ દુઃખ પાવો ઇસલીએ કહત હું કે આપ ઉત્તર મતિ દીજીઓ શ્રી ગોકુલનાથજી ખાનને કહે છે હાં હાં. દો બેર બોલુંગો ઇચ્છાથી જો મનમેં આવેંગે સો કહુંગો

ત્યારેઆસફખાન કહે છે મેરા કહ્યા આપકે મનમાં આયા નાહી મેને જો કહ્યા સો આપકા ભલા વિચાર કે કહ્યા

હે જો પાદશાહ કહેસો સબ હા કહીએ તુમ પવિત્ર આ દાવ ચુકશો નહી ફેર ઝખ મારત હે.

**શ્રી ગોકુલનાથજીનો ખાનસુ જવાબ :**

હમારો ભલો હમારો ધર્મ રહે યામાં હાં હે ધર્મ સુ દુઃખ પાવે સો ભાવે ધર્મ છાંડી સુખ પાવે સો કાહા જો

ત્યારે આસફખાન શ્રીજીસુ કહે છે :

ખાને શ્રીજીસુ એક જુક્ત કહી સુનો મેરી બાત એ પાદશાહને હમ સબનકુ કાન છેદાય કે મોતી પહેરાવે તો કાહા હમ હિન્દુ હો ગયા હમારે કાહા હમેરા બેટા મોતી પહેરેંગે અને હમને ઉને કહયો સો માન્યો જેસે માની લઈએ ત્યારે ધર્મ રક્ષક બોલ્યા

**શ્રીજીનો જવાબ :**

તુમારી કાહા તુમે રાજાકી સબે બાત માનની ચાહીએ તુમ જેસી હમારા સે હોવે નાહી. તુમ રાજા જો કહે સો કરો

હમારે ધર્મમાં નેક ઘટે તો કબહુ કામ ન આવે

ત્યારે આસફખાનનો ઉત્તર :

તમારે તો મુક્ષમાં જનાઈ હે માલા મુક્ષમાં હેય નાહી

**શ્રીજીનો જવાબ :**

હમારે તો હે મુક્ષમાં તુલસી માલા જનોઈ માલાકે પીછે હે જનોઈ તો સાતઆંઠ વરસ કો બાલક હોવે ત્યારે તેને જનોઈ પહેરાવત હે અરૂ માલા તો દીન અગ્યારમે જબ પ્રસુતી ઉઠકે નાવે જબ બાલકકુ નવરાવે ત્યારે



મુક્ષ પ્રથમ માલા પહેરાવે તો પાછે નામકર્ણ હોવે જનોઈ કો ત્યાગ સંન્યાસમાં હે અરૂ માલાકો ત્યાગ કબહુ નાહી હે માલા આદિતે અંત મરણપર્યંત સંગે સંગ જાય કબહુ ત્યાગ હેય નાહી

ખાન શ્રીજી સું કહે :

હાં, તુમારે એસી હે હમે તો એ આજ સુની વેસી બાત

ત્યારે શ્રીજી બોલ્યા : હાં, હાં, હમારે એસી હી નીત હે

ખાન શ્રીજી સું કહે : તો સંન્યાસી એસી કયું કહત હે

ત્યારે શ્રીજી બોલ્યા : સંન્યાસી તો મૂર્ખ હે, કછું જાનત હી નાહી રીતકી બાત ખાન આ સવાલ જવાબ પોતાના હાથે પોથીમાં લખતો હતો ત્યારે શ્રીજી બોલ્યા

હમ તુમેરો ભલો મનાયને કુ આયે હે બાત ચલી ત્યારે ભક્ત સું કહેની ચહીએ ચુપ કર કે કેસી સુણલે સિદ્ધાંત કહેનો ચહીએ. તુમ સુનો બેઠે સબ વૃત્તાંત જો કેસો હોય હે સિદ્ધાંત

ત્યારે આસફખાન બોલ્યો ના ના નારાજી તુમ ભલી વાત સબ કહત હો, નીકી ભાંતે, આમ પરસ્પર પ્રશંસા કરી પ્રેમ સહીત વિદાય થયા, હવે ખાને પાદશાહને મેળવવાનું નિશ્ચય કર્યું.

સંવત ૧૬૭૭ ના ભાદરવા વદી ૧ ગુજરાતી વાર શનીવાર શ્રીજી ભોજન કરી સુખ સું નિંદ્રા કરીને (ઉથાપન)

શ્રાજસવેળાએ બાદશાહ જહાંગીરથી ધર્મના આયુદ્ધ લેઇ
યુદ્ધ કરવા રાજદરબાર પધારે છે તેનું વર્ણન

ધર્મ સેના સંયુકત શ્રી વિઠ્ઠલેશકુમાર શ્રી વલ્લભજી
પધારે છે રાજદ્વાર તે સમયે સ્વસંગના વૈષ્ણવો અને ધ્યાન-
દાસ અને કટકના વૈષ્ણવો અને હરીદાસ તોબર, રાજસી
રજપુતો સર્વે સિદ્ધ થઇને પ્રભુજીની સાથે સાથે
જાય છે, ત્યાં મહારાજા રાજેશ્વર શિરોમણી શ્રીજી
નિર્ભય નિડર નિસંકોચે દરબારની દાંડી ઉપર આવીને
બેસે છે, ત્યારે વિશ્વમોહક સ્વરૂપને જોવાને સમૃદ્ધ મલી
છે, ખાંણ રાણા રાજસી સહુ ઊભા ઊભા સોચ કરે
છે કે, કાંઇ અજુગતુ ના થાય તેનો સોચ કરે છે. કોઈ
પાસેથી અળગુ જતુ નથી, હરિદાસ તોબર જહાંગીરનો
અંગરક્ષક અને શ્રીજીનો સેવક એ ઘણા રજપુતો સાથે
ત્યાં આવે છે, ધર્મનું ધિરજ બાંધી; મનમાં નિશ્ચયે કરી,
શ્રી ગોકુલેશજીને જો દિલેશ કાંઈ પણ આજે કહેશે તો,
મારા મનનું ભાવતું હું કરીશ, મારા જીવ સું આવી
બન્યું છે, હું તો પાદશાહ જો ગોકુલનાથજીને આજ
કોઇ કહશે તો તલવાર આ પહેલી આણું એહો કાજ,
જુઓ શુ થાય છે, પછી આપ ભિતર જાય છે, તે પ્રસંગ
શ્રી મુખે કહ્યો છે.

હરિદાસ તોબર એના ગુરુ વૃંદાવનના હરિવંશજી
હતા તેને સંન્યાસીના તાપથી માલા ઉતારી ત્યારે તેણે



કહ્યું, જે આ મુડીઓ દ્રોહ ધર્મનો કરે છે, માટે હું માલા
ઉતારીશ નહીં, એ હઠ ગોકુલેશજીથી કરે છે, તો જે
ગોકુલનાથનું થશે, તે મારૂ થશે, હું તો શ્રી ગોકુલનાથજીની
પાછળ છું. તે માલા તિલક સહીત રહેતો હતો, એહોને
પ્રતાપે મુછે બલ કરીને રહેતો હતો તે પ્રકાર એક દીવસે
સેંગર રજપુત દીલેશનું કામ કરનાર બાબર પોરનો રાજા,
તેનું નામ સારંગ દેવ હતુ, તે દેશાધિપતિનો ખવાસ હતો,
તેને હરિદાસ તોબર સાથે દ્વેષ રહેતો હતો અને તે ખુન્નસ
રાખતો હતો. તેણે એક દીવસે દ્વારપાલને કહ્યું, હરીદાસ
તોબર ભીતર આવે તો તુ પેસવા દઈશ નહીં. કહેજે કે
પાદશાહની આજ્ઞા નથી ને તું બહાર ઉભા રાખજે, ને
કહેજે કે, માલા ઉતારીને આવે, તો આવવા દેજે, નહીં તો
આવવા દઇશ નહી, તે દ્વારપાલે ભીતર હરીદાસ જતો હતો
તે રોકયો, ને કહ્યું આજ્ઞા છે મહિપાલની માલા સહીત
આવે નહી, માલા ઉતારીને આવે. માલા સહીત
આવવા દેશો નહીં. ત્યારે સુર સુભા ધર્મબલથી વચન
બોલ્યો, જેહ મુડ કાટો પછી આફણીએ માલા ઉતરસે,
માલા તો માથા સાટે છે, અને કહે છે કે, પાદશાહ અમને
કોઈ કાજને મોકલે છે, ત્યારે તે કાજ કરૂં છુ, કે પછી
સીસ આપું છું, એક સેર ચુનને કાજે હમારૂ સીસ આપીએ
છીએ. તો આ તો હમારૂ સર્વસ્વ છે. મુછે બલ કરીને દ્વાર-
પાલને ઝટકારીને અંદર ગયો, દ્વારપાલ તો સામુ જોતો જ
રહી ગયો, ભીતર સારંગ દેવ પાદશાહ પાસે ઊભો હતો,

તેણે કહ્યું હજુર, સર્વે માલા ઉતારી છે, અને આ હરિ માલા તિલક સહીત તમારી આગળ આવે છે, ત્યારે કહ્યું એ કાહા કહત હે, ત્યારે તેણે કહ્યું, એ એમ કરે કે એક સેરચુનને કાજે પાદશાહ મોકલે છે કામ ને અપનો સીસ આપીએ છીએ, તો આ તો હમારો ધર્મ મુડકાટો માલા આફણીએ ઉતરશે ત્યારે મહીપતિ કહે એસે નકો, કોણુ નામ લે શકે એશો મનુષ્ય કુ સુરવીરને દેખ જ કરીએ, મેરે માલાસે કાહા કાજ હે, એશો મનુષ્ય હે, મે તો એક બાબાજીકે કહે પર ઇતની કરત હુ. દે મેં બાબાજીકી એક બાત પર ઈતના હેરાન હોતા હું. એ દમડી કી માલાકુ ઈતની કરત હે, ગોકુલનાથ એ મા મોહેકો કાહા કાજ, ત્યારે દુષ્ટમતી દ્રોહી સારંગદેવ દેશાધિ પતિ આગળ બોલ્યા, સૌ કોઇ પહેરે છે ગોકુલનાથના એ ઉતારસે ત્યારે સર્વે ઉતારસે, ત્યારે આસફખાને તતક્ષ ઝટકી નાંખ્યો, તેરે બોલવેકો કાહા કાજ હે, ભૂપે કાં ચીતમાં એની વાત માની નહીં.

મહારાજ રાજેશ્વર શિરોમણી બેઠા છે ત્યાં આ વા સાંભળી બોલ્યા. જે 'ધર્મોતિ રક્ષતી રક્ષોતી ધર્મો'. ધર્મનું રક્ષણ કરે છે તેનું રક્ષણ પ્રભુ કરે છે.

કાલ કર્મ સુભાવાતીત શ્રી મહાપ્રભુ ઘુસલખાં પાસે દાંડી આગળ નિડર થઇ બેઠા છે ત્યાં સર્વના ભાવ પોષણુ કરે છે એવામાં—



આસફખાન ભૂપતિ પાસે જતા હતા તે ત્યાં રહીને દૂરથી શ્રી ગોકુલનાથજીએ દેખીને દીધો આશીર્વાદ ત્યારે ગોધુએ ખાનને કહ્યું એ ગોકલનાથજી આપકો આશીર્વાદ દેત હે ત્યારે ખાને હૃદયસ્પર્શી હાથની સેને કહ્યું મે ભીતર જાત હું જ્યાં પાદશાહ બેઠા છે ત્યાં એમ કહીને ભીતર ખાન ગયા અને પાદશાહને કહે છે આયે હે શ્રી ગોકુલનાથ હાં આયે હે તો તો ભલા તુમ અબે અહીં બોલાવો ઓર કોઉ આવે નાહી કહો એ એકીલા તુમ આઓ ખાને પોતાનો મનુષ્યને શ્રીજીને બોલાવા બાહેર મોકલ્યા. વિનંતી કરીને શ્રીજીને કહે છે શ્રીજીએ મધુસુદન ભાણેજને આંગળીએ વળગાડી સાથે લીધા અને શ્રીફળ-૨ પવિત્રુ-૧, રૂપીઆ નવ ને સાથે લીધા તે ભાણેજ સાથે આપ શ્રીજી ભીતર પધારે છે ભાણે જ છે ત્યારે દાંડી થકી દરવાને તેમને રોકયા જાવા દીધા નહીં તે વખતે દરવાનને શ્રીજીએ ઝાટકી નાંખ્યો. દરવાન હતો દોસ્ત મહેમદખાંન અને ઉમરાવ પંચ હજારી વિગેરે ઊભા હતા તેઓએ શ્રીજીને કહ્યું કે એક આપકા હી હુકમ છે તુમ સુનો હમારી બાત ત્યારે માહાતરલ તેજવંત શ્રીજી બોલ્યા ઈનકુ મહેલ કે કાહા જાય જાઓ ઉહાં મે કહુંગો એમ કહીને દેશાધિપતી આગલ ભીતર જઈને ઊભા રહ્યા અને નવરૂપીઆ શ્રીફલ બે અને પવિત્રુ હૈકરમાંહાં પ્રહસિત થૈ પૃથ્વિપતિના કરમાં આપીને આશીર્વાદ દઇને ઉભા રહ્યા. પૃથ્વિપતિના કરમાંથી સારંગદેવે લઇ લીધું પછી નૃપતિ બોલ્યા પ્રસંન્ન થઇને

તૂમનિકે આયે એ સંગ તુમેરે કોણુ હે શ્રીજી બોલ્યા
હમારા ભાણેજ છે તો ઈનકુ યહાં કાયકુ લાયે ઈનકો
કાહા કામ ત્યારે શ્રીજી બોલ્યા મેરે સંગથા અરૂ મેરે
આપા પછી ભૂપ ફરી કાંઈ બોલી શકયો નહી હવે આ
વાદ આપીને ત્રણ વસ્તુ આપી તેનો ભાવ કહીએ છી
એ ઈશ્વર સત્ય સંકલ્પ છે મનસા વાચા ને કર્મણા કાયસ
સહીત આશીર્વાદ દીધો છે.

પવિત્રુ આપ્યુ એનો ભાવ જે એ અસુર યેની
તેને દૂર કરીને શુદ્ધ કરવા જે સંન્યાસીના દુઃસંગથી આભ્ય
ભિતર પ્રવિષ્ઠ દોષ થયો છે તેને દુર કરવા તે વળતો
પ્રવેશ થાય નહી એ ભાવ છે.

રૂપીઆ જે ચાંદીના એનો ભાવ જે રાજસ
મદ હતો તે રજતે કરીને તેનુ ઉપમર્દન કર્યું છે નવ
ભક્તિ સિદ્ધ કરવા.

શ્રીફલ બે એનો ભાવ શ્રીફલે કરીને બેહુ ફ
સીદ્ધ કર્યાં અને તે પ્રાપ્ત થાવા લૌકિક અલૌકિ
આ બન્ને વસ્તુ સીદ્ધ થવા.

હવે દેશાધિપતિ માલાનુ કહેવા મનમાં વિચાર કરે
સ્વરૂપનો ઉગ્ર પ્રતાપ જોઇ એકદમ ઉચ્ચાર કરી શકતો ન
કઈ પેરે કહેવું એ વિચાર કરવા લાગ્યો મોઢેથી વચનની સ
નહીં તે ભય પામી રહ્યા ને થોડીક વાર બોલ્યુ ગયુ ન
પછી સંન્યાસી આગલ જે પ્રથમ વચન આપ્યું છે



પ્રમાણુ કરવા શ્રીજી સું સંકોચ આણીને કહે છે તે પ્રસંગ
કહીએ છીએ.

**પાદશાહ જહાંગીરનો હુકમ માલા ઉતરાવવાનો :**

જે ગોકુલનાથ તમે હમારા હુકમ માન્યા નહી. બાબાજી જે
કહે સો માનો અને ઉતારો માલા એમ કહીને નીચુ જોઈ
રહ્યો.

**શ્રીજી વાકય વિલાસે જવાબ આપે છે**

ગર્જનાસુ માહા વીરાધિવીર રણસંગ્રામે રાજતો હાક
દઇને હાકાં ણિસુ શ્રીજી ધર્મ યુદ્ધ કરે છે ધર્મ રક્ષક ધર્મે
કરી કહે છે ધર્મના આવેશમાં બાદશાહને ત્રણ વત
જાણી ધર્મજુત સંગ્રામ કરે છે વચન ભૂપનું સાંભલી
પ્રતાપ જુત કહે છે.

હમ ઉચીત હોએગો સો માનેંગે અણ ઉચીત હમ
કબહુ નાહી માનેંગે. યહ હમારો નિજ ધર્મ હે સો છાંડયો
જાત નાહી. અનાદ્રય થાએ ચલ્યો આયો હે સો કેસે છાંડયો
જાય.

હમ ન ઉતારીએ માલા એ નિર્માણ હમારો એહ
હે નેમ. વિવાહીતા અપને પતિ સું પતિવૃતા સું સેવા કરે
સર્વદા તેસે હમારો એ ધર્મ. વેસી સ્ત્રી કુ ત્યાગ કરવેકો
કબહુ કાંઇ લીખ્યો નાહી હે હમારો એ નિજ ધર્મ હે
જ્યાંહાં ધર્મ હે ત્યાંહાં હમ હે એસી હમારી ટેક હે. હાં

ચતુર્થાશ્રમ મેં એસો લીખ્યો હે સ્રીકો ત્યાગ પેં માલા કે ત્યાગ કબહુ નાહી હે એમ કહીને ઉભા રહ્યા.

ત્યારે ભૂપ બોલ્યો ભેદસુ : લીખ કયું દીઆ તુમને મથુરામાં કહ્યો ઉનકો હમ કરેંગે વે કહેંગો સો હમ કરેંગે ત્યારે મ્હાહા ચતુર ચાતુરી પ્રવીણ :

શ્રી ગોકુલનાથજી કહે છે બાદશાહ સું તુમારે મનકો વિચારો હમને કાહા લીખ દીઆ હે અરૂ તુમ કાહા કહત હો એ મીલાય કે દેખો તુમકુ હમ કાહા યાં લીખદીઆ હે કે માલા ઉતારેંગે હમારો ધર્મ છોડેંગે અરૂ દુરાગ્રહ કરી છોડાવેં એસો મર્મ જાણ્યો ન હતો હમ તો યહ જાણી હતી કે એ વિરકત શ્રીપાત હે સો હમ ગ્રહસ્થકો કછુક અધિક ધર્મની વાત કરસે અધિક કાહા જે ઉલટો ઘટાવત હે હમારો મુલ ધર્મ એમ ઉત્તર આપી ઊભા રહ્યા.

શ્રીજી એણે પ્રકારે નિર્ભય થઈ ભૂપને તૃણવત ગણીને ઉત્તર પ્રતિઉત્તર કરે છે તે ખાન સુલતાન, ઉમરાવ રાણા રાય સહુ દેખીને સભા આશ્ચર્ય થઈ તે કહેવાય તેમ નથી.

બાદશાહ જહાંગીરનો પ્રતાપ :

માહા અમુરેસ કાલકતાંત એમનું દલ ચઢે ત્યારે ચારે દીશામાં હાહાકાર થઈ જાય હય ખુરી સર્વત્ર કંપાયમાન થાય ધરણીધ્રુજે દેવ દાનવ ભયભિત થાય ઇન્દ્ર અકુલાય જેનાથી જમ ડરે સર્વત્ર ત્રાસ ત્રાસ થાય ભારતખંડના ભૂપતિ કોઈ એહા સામુ જોઇ શકે નહીં જેહના વચનથી બ્રહ્માંડ કાંપે



તેવા એ અજીતેશ્વર ભૂપતિ તેનાથી ઉત્તર કરે છે. અજીતેશ્વર નિભીંત જેમસીંહ આરદુલ સનમુખ કરે છે જેમ યુદ્ધ તેમ ઉત્તર પ્રતિઉત્તર વચન ટાલવા ધર્મ વિરૂદ્ધ વધુઓ સહીત અમર આવ્યા વીમાને બેસી આકૌતક જોઈ સૌ કો થયા મોહિત મોહની સ્વરૂપે આપ્યું દરસન તેણીવાર.

જહાંગીરની સભાનું વર્ણન :

ઊમરાવ અનેક ઊભા રહ્યા છે પરસ્પરે કરે છે વિચાર ઇરાદત-આસફખાન, ખાન આજમ, ફીદાદાખાન, ઇતબારખાન, એતમાદ દોલાખાન સહેરપાર ખાંન સાદીકખાન દીલાવરખાન ત્યાં પાસે આમ સભા અને ખુસરો ખુરમખાન શાહાજાદા ત્યાં પાસે આમ સભા સર્વે ઉભા ઉભા જુએ છે કોઇ શ્વાસ કાઢી શકતા નથી એક બાદશાહ અને ગોકુલનાથ આ બન્નેનું વચન યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે સર્વે ઉમરાવના મનમાં ભય ઉપજે છે કે રખે કંઇ અન્યાય થાય એનો તાપ ઉપજે છે શ્રીજી એમ બોલે છે અને બાદશાહ હોઈ એવો હુકમ ન કરે પ્રલય થઈ જાય આ બીકે સર્વે શ્રીજીને શાનમાં વરજે છે આંગલી દેખાડી કહે છે ચુપ રહો હળવે હળવે બોલો એમ વારવાર શ્રીજીને સર્વ કો વરજે છે તેમ તેમ મહાપ્રભુ અચલ દ્રઢ ટેક સુરત્વથી બાદશાહને તૃણવત ગણી જાણે છે ત્યારે ઉમરાવ દાંત પીસી ક્રોધ કરી ભયભીત થઇ શ્રીજીનું હીત વીચારી વરજે છે કે બોલો મતી તેમ તેમ અદકુ સતગણું સુરત્વ કરી ઉક્તાજુકતે ધર્મ યુદ્ધ વચન દ્વારા કરે છે પાદશાહ નીચુ જોઈ પ્રસન્ન થાય છે. જેમ જેમ શ્રીજી સુરત્વથી બોલે

છે તેમ તેમ બાદશાહ રીઝે છે પ્રસન્ન થાયે છે અને કહે છે જે દેખો કોણ ભાંન્તિ સું બોલત હે નિડર નિઃસંકોચે ઉત્તર આપે છે ભિતર ચકની ઓટમાંથી બેગમ નૂરમહોબ સ્ત્રીઓ શીરોમણીનું અતુલીબલ પરાક્રમ જોઇને ઘણાં જ પ્રસન્ન થાય છે.

બાદશાહ સંન્યાસી આગળ જે બોલ્યો છે તેનો બાદશાહ શોચ કરે છે પછી હઠ કરી પોતાના વચનથી ટલતો નથી.

બહાર સર્વે જે ઊભા છે તે સર્વે વૈષ્ણવોને ચિંતા હવે સું થશે. થાય છે આહુલમાન અતિ થઈ રહ્યો છે હવે શું થશે. સર્વેનાં કાળજાં કંપાવા લાગ્યાં ચિંતાતુર શોચી રહ્યા છે ત્યારે હરિદાસ તોબર ધીરજ દેવા ભીતરથી બાહેર વારંવાર પાંચ સાત વાર આવી આવીને કહી જાય છે કછુ ચિંતા મતિ કરો બાદશાહ સું વાતચીત ચાલી રહી છે.

બાદશાહે હલબલ કરી કઠિણ ઉગ્રતા દેખાડીને શ્રીજી સું કહે છે તેમ તેમ સુરત્વ સુ ગાઢ ઉચ્ચારે ઉત્તર આપે છે એ શ્રીમુખનું વચનામૃત ગોકુલ આવીને કહે છે.

મેરે કહે બાદશાહ હલબલાય બોલ્યો જાય નાહી શ્રીજીનું તેજ પ્રતાપ જોઇને ભય પામે સહુ કોઈ ત્યાં ઉભેલા ઉમરાવો ભય પામીને શ્રીજીને કહે અજુ પાદશાહ સું એસે કોઈ બોલ શકત નાહી તાતે તુમ એસે મતિ બોલો.



ત્યારે સ્પષ્ટ વકતા શ્રીજી કહે છે : મોહે સું કોઉ કછુ બાત કહેવા કો ઉત્તર મેં ન દઉ તો કોણ દેવે ત્યારે સારંગદેવે દુષ્ટ બુદ્ધએ પ્રપંચ કરી શ્રીજીને ભરસભામાં કહ્યું દીક્ષીતજી પાદશાહ સું હઠ મતિ કરો.

આ વચન સાંભળતાં જ આસફખાને ઝટકી નાંખ્યો યહાં તેરે બોલવે કો કોઈ કામ નાહી હે તુ મતિ બોલે એમ કહીને આસફખાન બાદશાહ સું પોતે જે પોતાને ઘરે ગોકુલનાથજી સું વાર્તાલાપ થયેલો તે વાંચી સંભળાવે છે અને જનોઈ અને તુલસીમાળાનું સું તારતમ્ય છે તે સમજાવે છે.

**બાદશાહનો સવાલ** : જે તુમારે તો હે જનોઈ માલાનો મુખ્યમાં હેય નાંહી.

**શ્રીજીનો ઉત્તર** : માલા મુખ્ય હે સીદ્ધ કરી અને ઉત્તર દીધો કે માલા હી હમારે મુખ્ય છે માલા કબહુ છાંડી જાય નહી કોઉ ભાન્ત સુ ટાળી ટળે નાંહી માલા કબહુ હમ ઉતારેંગે નાહી.

**બાદશાહનો સવાલ** : માલા જો તમારે મુખ્ય હે તો મોતી અરૂ સોનેકી માલા પહેરો હમારે કહે તુમ ઇતનો કરો

ત્યારે **શ્રીજીનો ઉત્તર** : માલા એ પહેરીયત હે શિંગાર હેત એ તુલસી માલા હે હમારો પ્રાચિન ધર્મ સમેત

ત્યારે બાદશાહનો સવાલ : ધર્મ હે તો પહેરો રૂદ્રાક્ષ કી, રૂદ્રાસકી કયું ન પહેરત હો જો સબ જંજાલ મિટ જાવે.

શ્રીજીનો ઉત્તર : હમારે વૈષ્ણવ ધર્મમાં રૂદ્રાક્ષકી વિહિત હે નાહી (વિહિત એટલે ઉચીત) તુલસી વિહિત હે સર્વદા હમારો એહી મારગ હે

બાદશાનો સવાલ : ત્યારે તુલસી કી માલા વે બાબાજી કહત હે ઉતારો મે હું કહત હું ઉતારો દેખો મન વિચાર હઠ મત કરો.

શ્રીજીનો ઉત્તર : વચનામૃત કહેવાય જેવો નથી પરંતુ ધર્મને માટે શિક્ષાર્થે અન્ય ઉપદેશ જે શ્રીજીએ કહ્યું છે તે કહું છું.

સ્વકીયોને સુચન કર્યું છે કે ધર્મની કસોટી સત્યાગ્રહ વીના થઈ શકતી નથી.

શ્રીજીએ અતિ આગ્રહપૂર્વક કહ્યું છે તે છેલ્લો શબ્દ પેં માલા ઉતરેંગે નાહી.

યહ માલા શરીર તે હે એ ઉતરેંગી નાહી કબહુ એહ હે ધર્મ કી લાજ ધર્મ છોડકે જીવેગો સો કોન કાજકો.

ત્યારે બાદશાહકો સવાલ :

માલા ન છાંડો તો હમારો કહ્યો માનો ગોકુલ છાંડો કે માલા છાંડો જાઓ તમારો ભલો જાનો સો કરો.



શ્રીજીનો ઉત્તર : શિક્ષાર્થ

ટેક રક્ષક ધર્મપ્રિય બોલ્યા તો ભલો ઘર છાંડેંગે હમ ઘરકો કાજ નહી હે હમકુ હે ધર્મકી લાજ ધર્મ વિના કછુ કાજ આવે નહી.

હમકો હે ધર્મ પ્રિય એમ બોલ્યા શ્રી મહારાજ એ અખિલ ધર્મ રક્ષકે નરેન્દ્રની આજ્ઞાનો કર્યો ભંગ. પ્રમાણ શાસ્ત્રમાં ભૂપનુ વચન એક માનવુ ઉચીત છે શાસ્ત્રમાં જણાવ્યું છે કે એ છે અંગ માટે એક વચન રાજાનું માનવુ તે માટે ભૂપનું વચન માન્યું.

સંતોષ સું ગ્રહ ત્યાગનો કર્યો અંગીકાર

ભુપ કહે છે શ્રીજીને :

તો કહાં તુમ જાઓંગે, શ્રીજી બોલ્યા મે તો ન કહુ, તુમ કહો, ત્યાંહાં જાય. રહેંગે ત્યારે ભૂપ બોલ્યો ન કહુ, તુમ કહો, ત્યાંહાં જાય રહેંગે ત્યારે શ્રીજી બોલ્યા તુમ કહો તો જગન્નાથજી જાય રહેંગે ત્યારે શ્રીજી બોલ્યા તુમ કહો તો જગન્નાથજી જાય રહે ત્યારે ભૂપ બોલ્યો, ના ના એ તો દુર હે તુમ જાય બનારસ રહો ત્યારે શ્રીજી બોલ્યા અવશ્ય તો હમ રહેંગે બનારસમાં હાં ત્યારે ભૂપ બોલ્યો તો લીખ દો શ્રીજી બોલ્યા લીખ લેહો. જેસો તુમેરે મન આવે સોઇ શ્રીજી બોલ્યા મેંને બેઠે વિના લીખ્યો નહી જાવે તો ભૂપે કહ્યું બેઠકે સુખસું લીખો પછે રૂપાની દીવી ધરાવી બેસીને શ્રી હસ્તે લખ્યું પોતાનુ નામ નીચે લખ્યું નરેશનું નામ

ત્યારે કલમદાને કહ્યું એસે નાહી લીખ્યો જાય મહારાજ એ બાદશાહ ઉનકુ એસે લીખ્યો. નાહી જાય ત્યારે ફરી ફરી બેચાર વાર લખ્યુ પહેલુ સર્વોપર પોતાનુ નામ ત્યારે ત્યારે કલમદાન વરજે એસો નાહી લીખ્યો જાય ત્યારે શ્રીજી એ જેમ સ્વકીયને સર્વદા લખવાનો અભ્યાસ છે તેની માફક પોતે શ્રી હસ્તે લખ્યું

**પત્ર : હમારો એ સું ધર્મ સહીત બનારસ જાય કે રહીસુ હમ.**

આ પત્ર લખીને દેશાધિપતિ પાસે મોકલ્યું તે જોઈને નૃપતિ આશ્ચર્ય પામ્યો લીખ દીઆ લીખ દીઆ કહીને પૂછ્યું બે વાર માલા તો મહેલી નાહીને. ઘર મહેલ્યા તે જોઇ આશ્ચર્ય પામ્યો ને કહ્યું દેખો ભાઈ કાષ્ટકી માલા કે લીએ છોડે અપનો ઘર એ વાત સાચી મનમાં ધરીને કહ્યું ધર્મ ઈનકો નામ પછી આસફખાને કહ્યું જી આલમપનાહ યે હોત હે દિક્ષીતજી વિદાય હાં હોવે હો વિદાય પછે શ્રીજી વિદાય થયા બાદશાહ ભિતર ગયો જનાનામાંહ.

**નૂરમહોલ બાદશાહનું મીલન :**

નૂરમહોલે ઉઠીને હાથ જોડી બાદશાહને બેઠક આપી પાદશાહ કહે તુમ દેખ્યો ગોકુલનાથ કે મોંહપર કેસા હે ગોસાઇ આહો નૂર ત્યારે નૂરમહોલ વચન ચાતુરીથી કહે છે હાં હાં દેખે દોજના નાના જીનકી ખુબ સુરતથી જીનને મોસુ વાત કીની સોઇ દેખો મુજસે કેસે બોલત વચન ત્યારે નૂરમહોલે કહ્યું સાહી હે ઇનકા ઈમાન



જો ચાહે અપને ધર્મકુ અરૂ ધર્મ હે જીનકુ પ્યારા
ઇમાન રાખ્યા ચાહીએ સો છાંડી કે કહ્યું ન રહે ન્યારા

**શ્રીજીનું દરબારમાંથી બાહેર પધારવું :**

પ્રહસિત વદને બાહેર પધાર્યાં પરાજય અધર્મનો કરી
મુસકાઇને મોદે ભર્યા કહ્યું ભલી ભઈ ભલી ભઇ જો ધર્મ
રહ્યા હમારા.

સાંભલી સહુ થયા આનંદમઈ ત્યાંહાં દાંડીના છડીદાર લોકોએ દીધી ત્યાં આસીસ મહારાજ જીત વધાઈ કી પાવે બોહોત બક્ષીસ તુમ બડે સાહેબ હો અરૂ બહોત બડા તુમારા પ્રતાપ તારીફ જીનકે ધર્મ કી પાદશાહને કીની આપ તુમારી દોલત બઢો જીનકા બડા હે નામ જી વિદાય હમકો શ્રીજીએ, દીજીએ વેગ ઈનામ દીધું ઇનામ પછે પ્રાણ પ્રભુ પ્રસન્ન થઇ અશ્વે થયા અસ્વાર ત્યાંહાં વૈષ્ણવોએ ગાઢે ઉચ્ચારે કરી શ્રીજીનું નામ લઇને કીધો તે જૈજૈકાર

એ શબ્દ ભીતરથી ભૂપે સુણી એ હોત હે કાહા પુકાર ત્યારે હાજર ખાન ધસીને બાહેર આવીઓ આવીને જોયુ તો દીઠો અનેક સમાજ આસફખાન તેની પાછળ આવીઆ અતીસે આરતભેર જે નરેંન્દ્ર તો સહજે જ પૂછે છે અને રખે કો કરે આધ્ય પછી ખાન ભીતર જઈ નૃપતિ ને કહે છે.

ધર્મ કે હીત કે લીએ મલી છે સકલ હિન્દુસ્થાન
દરબાર પર ઠાડી રહી હે અકીન અપનો જાણુ ગોંસાઇ

ગોકુલનાથજી કો રહ્યો હે ધર્મ વે સંગ કે લોગ તુમકુ હુઆ દેત સબ કોઈ એ સાંભળી બોલ્યો નહી. નૃપતિ કહે ધર્મ હે ઈનકો નામ.

વૈષ્ણવ સહુ વિંટાઈ રહ્યા સાંભળ્યાનો તે મોદ શ્રીજી જે વારતા થઈ તે વીસદ કરીને કહે છે. પ્રસન્ન થઈ ઉને યું કહ્યો મેંને યું કહ્યો સહુ વીસદ કરી કહે છે પ્રાણ પ્રભુ સૌ તેહ ત્યારે ધ્યાનદાસ કહે મહારાજ રાજે સું કીધું પાદશાહે તો એક શ્રી ગોકુલ છાંડો કહ્યું હતું તો રાજ કહાં નિકટ રહેવાનો વીચાર કરતા રાજશ્રી આટલી બડી સમૃદ્ધ લઈને બનારસ એટલે દુર કેમ જશો.

ત્યારે શ્રીજી બોલ્યા :

જે કોઉ મુઠી છોલા બાટત હે સો પહેલે આપનો બાંટ લેત નાહી તો પહેલે હું કેસે કહુ એમ સંકેત જણાવ્યો ત્યારે ધ્યાનદાસ કહે છે તો મેં ફીરાઉગો. એ બાત પાદશાહ જનાનામાંથી દરબારમાં આવે છે :

વાકાનવેશ બલભદ્રને ગોવિંદદાસ બન્ને જણ ઉભા હતા તેઓને શ્રીજીની સુરત કરીને પૂછે છે દિક્ષીતજીને કાહા કહ્યા અરૂ મેંને કાહા કહ્યા પછી સર્વે વૃતાંત ઉત્તર પ્રતિ ઉત્તર જેહ વાકાનવેશને ફરી પૂછ્યું દેશાધિપતિ એ બનારસકા નામ ઉને લીઆ કે મેને લીઆ વાકાનવીસને કહ્યું હજુર બનારસકા નામ આપને લીઆ હાં મેને લીઆ એમ ખેદ પામીને પશ્ચાતાપ કરે છે તો ગોકુલનાથ ગુંસાઇ



હમ પર ગુસ્સે તો નાંહી હુએ સો તો પાદશાહ જાણે પછી કહેવા લાગ્યો કે બાબાજી હમારો ભલો માનેંગે કે નાહી તો કહે કયું નાહી માનેંગે એહી માનેંગે અરૂ ઇનકા હોવે સો સબહી માનેંગે.

જે પોતાનું વચન ઉલંઘવાનું દુઃખ ન માન્યુંને શ્રીજી સું વીહિત અવિહીતનું દુઃખ માન્યું.

શ્રીજી દરબારથી ડહેરે પધારીને સ્પર્શ દોષથી સ્વચ્છ થવા સ્નાન કરી સંધ્યા કરી ધોતી ઉપરણા સહીત આપ તબકડીએ ભોજન કરવા પધારે છે પછી ભોજન કરી સુખસુ પોઢે છે. પ્રાતઃ શ્રીજી આસફખાન સુ વિદાય થવા ત્યાંહાં પધારે છે. ખાન નીચુ જોઈ મનમાં સંકુચાઇને કહે છે મેરે રહેતે હુએ આપકા ઘર છુટ્યા એમ કહીએ ઘણો જ પશ્ચાતાપ કરવા લાગ્યા.

શ્રીજીએ ઉત્તર કર્યો એસી કયું કહત હો યામો તુમારો દોષ નાહી એ કેતીક બાત હે જો રહ્યો હે હમારો ધર્મ હમ તો યહાં સે જીત કે જાત હે પેં એક બાત કરની તુમકુ ચાહીએ બનારસ હમ જાએંગે અરૂ એ આવેંગો ઉહાં હી ફીર જંજાલ હોએંગો તાતે હમ સોરમ રહીએ તો ભલો ત્યારે ખાને કહ્યું બાદશાહે તો તુમસુ તબહી કહ્યો હતો કે જ્યાંહાં તુમારી ઇચ્છા હોય તહાં રહો તો ભલા અબ તો વે મૃગયા કો ગયે હે તુમ ચલો એ સમય જોઈ કરવાઉંગો પાદશાહ ન જાને કબ આવે પાદશાહસે લીખ્યો

મે કરવાઉંગો આપ એક મનુષ્ય આપકો છોડો પછી શ્રીજીએ અનંતદાસ વૈષ્ણવને કશ્મીરમાં મુકીને આપ ખાનથી વિદાય થાય છે ખાનને આશિષ દીધી ત્યારે કરજોડી શીશ નમાવી કહ્યું જૈશ્રીકૃષ્ણ જૈશ્રીકૃષ્ણ પછી રાયમુકુન્દદાસ સુ વિદાય થવા પધાર્યા ત્યારે રાયમુકુંદદાસે પ્રણીપત કરી હાથ જોડી ચરણે શીશ નમાવીને ગદગદ થઈ ગયા પછી શ્રીજી ડહેરે પધાર્યા તેહ સમે શ્રીમદ ગોકુલ પાછા પધારવાનું મહુરત આસો વદી ત્રીજ ગુજરાતી મીતીએ પધારવુ નિશ્ચય કર્યું તેટલામાં એક બ્રાહ્મણ જોષી વડોદરાનો પરમાનંદ જાની તે ખાન તેની પાસે જ્યોતીષ જોવડાવે છે તે એ આવીને શ્રીજીને કહ્યું રાજરાજ સુણીએ મહારાજ રાજેશ્વર એમ કેમ ચલાય જ્યારે હું મહુરત આપુ ત્યારે રાજ પધારશો ત્યારે શ્રીજી કહે હમ ગોકુલથી ચલે તબ અમૃત ઘટીકા મહુરત જોઈને ચલે હતો ત્યારે અબહુ હમ ચલે અમૃત દેખ ત્યારે જ્યોતીષ કહે રાજ રાજ આપ તો ઈશ્વર છો સબે કાલ કાલાદી જોગ એ સબે આપકે સનમુખ રહે પેં હું પધારવા દઈશ નહી પછી પરમાનંદ જાનીએ મહુરત જોયું તે મહુરત શુભકાલ ઘટિકા દસ દસ· મીની પહેલી રાત પ્રસ્તાનનું વારશનીવાર મહુરત આવ્યું તે મહુરતે પધારવુ નક્કી કર્યું.

આમ સાત દીવસ પરમાનંદદાસ જાનીના મહુરત માટે રોકાવુ પર્યું આમ શ્રીજી કશ્મીરમાં અગીઆર દીવસ રોકાયા કશ્મીર પ્રવેશ સંવત ૧૬૭૭ ના ભાદરવા



સુદી તેરસને વાર બુધવાર.

કશ્મીરથી વિજય કર્યો સંવત ૧૬૭૭ ના ભાદરવા

વદી ૧૦ દસમીને વાર શનીવારે

આમ શ્રી મહાપ્રભુ માલા દીગવીજય માટે કશ્મીરમાં અગીઆર દીવસ બીરાજ્યા છે.

કશમીરનો પ્રસંગ :

રાય દુર્ગાદાસ કાયસ્થ એ હરિવંસજીનો સેવક તે નૂર મહોલનો દિવાન અને દેશાધિપતીના હાથીનો અધિષ્ઠાતા તે વેગળેથી પાલખી-પાલખીએ બેસી શ્રીજીને ડેરે આવ્યો હતો ત્યારે શ્રીજી એથી ઉતરી પાલો થઈને આવતો બોલ્યા અરે દુર્ગાદાસ પાલા કયુ આવત હો બેઠકે આઓ ત્યારે કહે આપ તો કહત હો મેરે લીએ પે મેં આપકે ચરણ સમીપ કેસે આઉં અબ હમ આપકે અરૂ આપ હમેરે ભયે વહાં આ દુર્ગાદાસ બેઠે હતે વહાં શ્રીજીના વૈષ્ણવો દેખીને શ્રીજીને કહ્યું રાજ રાજ આટલા બધાને આપ સાથે કાયકુ લાયે યહાં તો પચાસ મનુષ્ય સુ જયાદા આવન નાહી દે તહે તો રાજ એ કોણ છે ત્યારે શ્રીજીએ ઉત્તર આપ્યો એ હમારે ગુજરાતી વૈષ્ણવ હે રાજે ઇતનો ખર્ચ કીનો ત્યારે એ ખર્ચ અપનો ખાકે આયે હે શ્રીજી કહત હે એ વિશુદ્ધ અંતઃકરણ ગુજરાતી જેસો હમારો કોઉ પરદેશી નૈષ્ઠીક હોત નાહી ગુજરાતી એકો ટુકડો લેત નાહી હે સોનાલ સુદ્ધ હે પેં પરદેશી માલ શુદ્ધ નાહી આરસી અરૂતવા નાહી તારતમ્ય

હે ગોપે આપની પેહી ખર્ચ ને આપને શું તેણે તે તેની અર તથા ઊન્નોઇ આવ્યો પે ગયો તે તેણે તેણે એ હમારે ગુજરાતી નાલ સુદ

